Published from : B/5, Swastik Apt.
Narayannagar, Paldi, Ahmedabad - 380 007

Published on 10th of every month
Yearly Subscription Rs. 50/-

# હરિભાવ

Year : 22 - Issue : 02

November, 2017



ગણિત અને બીજગણિતમાં તેના સિદ્ધાંતો પ્રમાણે દાખલો ગણાય તો જ સાચો જવાબ મળે, તેમ સાધનામાં પણ એની ક્રિયા-પ્રક્રિયાનું ગણિત હોય છે. તે પ્રમાણે થાય તો જ તેનું યોગ્ય પરિણામ આવે તે શ્રેયાર્થીએ ખાસ લક્ષમાં લેવું ઘટે છે. .....સત્યના ઉપાસકને ભગવાન એકાકી રાખતો નથી, પરંતુ તેના ટેકારૂપ બને છે. અલબત્ત, એના જીવનમાં કપરા કસોટીના પ્રસંગો પણ આવતા હોય છે.

- શ્રીમોટા

*'જીવન પ્રભાત', બી. આ., લેખકના બે બોલમાંથી.*





મહાકષ્ટે સ્વીકાર્યું છે મને સ્વામિત્વ તે કેશવ !
મને તુજ નામની દીક્ષા મળી કો' સંતથી કેશવ !

હરિના જન હરિના જેવા, એવું સૂણ્યું' તું કેશવ !
આખર તે અનુભવે સાચું રે, તેં ઠરાવ્યું કેશવ !

સેવ્યાથી જેમ સાગરને રત્નો મળે છે કેશવ !
છે સંતસમાગમ એવો રે, જાણ્યું મેં તે કેશવ !

નિરંજન દેવ મારો, તું ગુરુ ગરવો મહા, કેશવ !
સહજ અવધૂત તારો છે બધોયે વેશ તો, કેશવ !

પુરુષ ને પ્રકૃતિ, વિષ્ણુ, તું બ્રહ્મા, શંભુ છે કેશવ !
તું કર્તા ને કરણ છે ને ક્રિયા સૌ વિશ્વમાં કેશવ !

પરા અપરા તું શક્તિ છે વળી છે પાર તું કેશવ !
સમાયેલો તું સૌમાં ને વળી પર તેથીયે, કેશવ.

- શ્રીમોટા

'કેશવચરણકમળે', બી. આ., માંથી સાભાર

પ્રકાશન સ્થળ :
બી/૫, સ્વસ્તિક ઍપાર્ટમેન્ટ,
નારાયણનગર, પાલડી,
અમદાવાદ-૩૮૦ ૦૦૭

'હરિવાણી ટ્રસ્ટ' દ્વારા પ્રકાશિત જીવનવિકાસની ભાવના પ્રસારતું માસિકપત્ર

# હરિભાવ

સંપાદક : પ્રભુદાસ જાની
સહાયક : વિવેક દેસાઈ

વર્ષ : ૨૨ અંક : ૨ નવેમ્બર, ૨૦૧૭

**ટ્રસ્ટીમંડળ**
શ્રી ગિરીશ પંડ્યા (મૅનેજિંગ ટ્રસ્ટી)
શ્રી પ્રભુદાસ જાની, શ્રી વિવેક દેસાઈ
શ્રી બીરેન પટેલ
શ્રીમતી દર્શિની સુનીલ ઉપાધ્યાય
શ્રીમતી નીમા મીનેષ અમીન

**સરનામાના ફેરફાર અંગે, 'હરિભાવ' ન મળવા અંગે તથા પૂછપરછ માટે સંપર્ક : શ્રી સુરેશ વૉરા**
**Mo. / SMS / Whatsapp - 9427554391**

**વાર્ષિક લવાજમ**
ભારતમાં રૂ. ૫૦/-
પરદેશ રૂ. ૬૦૦/- (ઍરમેઈલથી)
એકથી પાંચ વર્ષ સુધીનાં લવાજમ સ્વીકારાય છે.

**પત્રવ્યવહાર/લવાજમ/ભેટ/મોકલવા માટે**
'હરિવાણી ટ્રસ્ટ', C/o. ૧૧, દાદા રોકડનાથ સોસાયટી, નારાયણનગર, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.
ફોન : (૦૭૯)૨૬૬૩૫૮૭૩
ભેટની રકમ ઈન્કમટૅક્સ ઍક્ટની કલમ ૮૦(જી) (૫) નીચે કરરાહતને પાત્ર છે.
ચેક/ડીડી 'હરિવાણી ટ્રસ્ટ' ના નામે લખવો

**ઈ-બૅંકિંગ : ખાતાનું નામ : 'હરિવાણી ટ્રસ્ટ'**
યૂકો બૅંક, નારાયણનગર બ્રાંચ, અમદાવાદ-૩૮૦૦૦૭
બચત ખાતા નં.: ૧૬૮૭૦૧૦૦૦૦૩૦૮૮
IFS Code : UCBA0001687
બૅંક દ્વારા રકમ મોકલતાં તેની સ્લીપ, નામ, સરનામું અને ફોન નંબર સાથે વિગત અમોને મોકલશોજી.
Email : hariwanitrust@gmail.com

**હરિઃૐ આશ્રમ, સુરતની વેબસાઈટ**
**www.hariommota.org** ઉપર
**હરિભાવ ઉપલબ્ધ હોય છે.**
**ફોન : (૦૨૬૧)૨૭૬૫૫૬૪, ૨૭૭૧૦૪૬**

* Subject to Ahmedabad Jurisdiction

ટાઈપ સેટિંગ : **અર્થ કૉમ્પ્યૂટર, મો.:૯૩૨૭૦૩૬૪૧૪**

## અનુક્રમ

૧. પ્રાણાયામ અને કુંડલિની વિશે .................. શ્રીમોટા ૪
૨. બાહ્યદેખાવથી ન દોરવાઈએ ............... શ્રી નંદુભાઈ ૭
૩. મૃત્યુવેળા ચેતનાનિષ્ઠની મદદ : શ્રીમોટા .. સં. રતિલાલ મહેતા ૯
૪. શ્રીદાસાનુદાસ : જીવનરેખા ............... ડૉ. રમેશ ભટ્ટ ૧૦
૫. નર્મદા પરિક્રમા : અનુભવ અને ચિંતન ................. ............................ સ્વામી પ્રેમાનંદ સરસ્વતી ૧૧
૬. સદ્બોધને આચરણમાં ઉતારો ... શ્રીરણછોડદાસજી મહારાજ ૧૨
૭. સુખદુઃખ તથ્ય કે મનનું સર્જન ? ........... વિમલા ઠકાર ૧૩
૮. 'ૐકાર' ઈશ્વરનો વાચક છે ............ મહામુનિ પતંજલિ ૧૪
૯. સિદ્ધ રસાયન-કલ્પ .......................... મકરંદ દવે ૧૬
૧૦. શ્રીઉપાસની જીવનકળા : ચોથી આવૃત્તિનું પ્રકાશન : પૂર્વભૂમિકા (૧) ........................ પ્રભુદાસ જાની ૨૧
૧૧. લેખનકાર્ય માટે શ્રીમોટાનું પ્રોત્સાહન ..... શ્રી બાબુ સરકાર ૨૩
૧૨. લગ્નવિધિ અંગે .............................. શ્રીમોટા ૨૪

**સૌજન્ય**

**શ્રી ગોપાલભાઈ ખોડીદાસ પટેલના અમદાવાદ ખાતે તા.૨૨-૧૧-૨૦૧૬ના રોજ થયેલ દેહાંતની પ્રથમ પુણ્યતિથિની સ્મૃતિમાં શ્રી સવિતાબહેન ગોપાલભાઈ પટેલ પરિવાર તરફથી 'હરિભાવ'ના આ અંકના પ્રકાશનમાં અમોને સદ્ભાવપૂર્વક સહયોગ આપ્યો છે, તે બદલ એ પરિવારના અમો ઘણા ઘણા આભારી છીએ.**

**- સંપાદક**

# (૧) પ્રાણાયામ અને કુંડલિની વિશે

**શ્રીમોટા**

*(પૂજ્ય શ્રીમોટાના પ્રવચનની ટેપવાણીના આધારે **'મોટા-વાણી'**નાં પ્રકાશનો થયાં છે. પ્રવચનમાં શ્રીમોટા એકધારા અસ્ખલિત વાણીમાં જે ઉચ્ચારણ કરતા હોય છે, તેમાં વાક્યરચનામાં એક પ્રકારની મુશ્કેલી જણાય છે. છતાં, શ્રીમોટાની વ્યક્ત-વાણીના લઢણના ભાવાર્થને સમજી શકાય તેમ હોય છે-સં.)*

પ્રાણાયામ કોઈ એક પ્રકારની યોગની પ્રક્રિયા છે, વિધિ છે અને પ્રાણાયામની પદ્ધતિથી પ્રાણને એવી રીતે એના સંયમમાં પ્રગટાવી શકાય છે કે જેથી કરીને આ પ્રકૃતિને વશ કરવામાં એટલે કે દ્વંદ્વના ગુણને વશ કરી શકાય છે. કામ, ક્રોધ, લોભ, મોહ, અહમાદિમાં એ રાચતી હોય છે. એ પ્રકૃતિનો આધાર છે. પ્રાણ એ શ્વાસના આધારે છે. એટલે આ પ્રાણાયામથી પ્રાણાયામની એક પદ્ધતિ-યોગ પદ્ધતિ એવા પ્રકારની છે કે જેથી પ્રકૃતિને વશ કરવામાં એટલે કે પ્રકૃતિનું ઊર્ધ્વગમન કરાવવામાં આ પ્રાણાયામ બહુ મોટામાં મોટો ભાગ ભજવે છે.

આ ટૂંકા કાળમાં બની શકે એવું છે, પરંતુ મારી પોતાની સમજણ એવી છે કે આ પ્રાણાયામ એ સહેલામાં સહેલો માર્ગ હોવા છતાં, એ અઘરામાં અઘરો છે.

એ પ્રાણાયામ કોણ કરી શકે એમ એની મને જે સમજણ છે એ પ્રમાણે કોઈ ગૃહસ્થી માણસ સંસારી સુખ જે ભોગવે છે, પતિ-પત્ની તરીકેનું જે કોઈ આ સાંસારિક સુખ જે ભોગવે છે એવો માણસ આ પ્રાણાયામ નહિ કરી શકે. એક સામાન્ય અર્થમાં તમારે પ્રાણાયમ કરવો હોય તો કરો, પણ જેને આ પ્રકૃતિનું ઊર્ધ્વગમન કરવું છે, પ્રકૃતિને ભગવાનની ચેતનામાં જેને પ્રસ્થાપિત કરવી છે, ભગવાનનાં ચરણકમળમાં એ પ્રકૃતિને ઊર્ધ્વગમન કરીને ચરણકમળમાંથી ગંગાને ભગવાનની ચેતનાની ધારાને વહેતી કરાવવી છે, એ ઊર્ધ્વગમનના કર્મને માટે આ પ્રાણાયામ જોકે યોગ્યમાં યોગ્ય સાધન છે, પણ તે ગૃહસ્થી જીવનને માટે એ પ્રકારના પ્રાણાયામની શક્યતા નથી, એવી મારી પાકી સમજણ છે.

ત્યારે એ જેને નૈષ્ટિક બ્રહ્મચર્ય એકધારું જીવંત પ્રકારનું, ચેતનાવંતું જેના જીવનમાં પ્રગટેલું છે, એ જ માણસ આવી જાતના પ્રાણાયામ કરવાની શક્યતાવાળો છે, કારણ શું કે પ્રાણાયામમાં મુખ્ય આધાર છે શ્વાસ. ત્યારે એનાં ફેફસાં એવાં પ્રકારનાં હોવાં જોઈએ કે એ શ્વાસ એકધારો એક જરા પણ ગતિમાં ફરક ન પડે, એવો લેવામાં અને મૂકવામાં, એટલું જ નહિ પણ ત્યાં ફેફસાંની અંદર પણ એકધારો ટકવામાં, એટલું જ નહિ પણ એ બિલકુલ ફેફસાં શ્વાસથી મુક્ત થઈ જાય ને એને વેક્યુમ પ્રગટે ત્યારે પણ અમુક જાતની એકધારી બેલેન્સિંગ એટલે કે સમતુલના એક જ પ્રકારની બિલકુલ એમાં જેમાં ગતિમાં જરા સરખો પણ ફેરફાર ન થઈ શકે એવી સ્થિતિ પ્રગટાવવાની શક્યતા આ બ્રહ્મચર્યની સ્થિતિમાં જ રહેતી હોય છે. બીજી કોઈ સ્થિતિમાં એ શક્યતા નથી.

આ ફેફસાંની ગતિ ઉપર જ આ શ્વાસ ઉપર જ આપણા મનુષ્યના જીવનનો આધાર છે અને આ શ્વાસની ગતિ ઉપર જ કામક્રોધાદિક છે. એ કોઈને સમજણ નહિ પડે. પણ સાહેબ, તમે આ વૈજ્ઞાનિક જમાનો છે. અત્યંત કામાતુર હોય તો તમે તમારાં ફેફસાંના શ્વાસની ગતિ સમજી લો. તપાસડાવી શકો. તમારી આ નાડીથી પણ તમને

સમજાય. મોહની આત્યંતિક અવસ્થામાં મોહની આત્યંતિક તીવ્રતામાં તમે હો તો જુઓ. એવી જ રીતે જે લોભની આત્યંતિક તીવ્રતામાં તમે હો, ગુસ્સામાં, ક્રોધમાં હો તો તમારું લોહીનું ફરવું જુદા જ પ્રકારનું. તમારી નાડીથી સમજાઈ જાય. શ્વાસથી પણ સમજાઈ જાય.

એવા માણસો આ આપણા દેશમાં હજુ પણ આજે પણ છે કે તમારા શ્વાસ ઉપરથી તમારી માનસિક સ્થિતિનું એ લોકોને સમજણ પડે છે. ક્યાસ કાઢી શકે છે, પણ તમને કાંઈ એ લોકો કહેતા હોતા નથી. છતાં એ લોકોને ગતાગમ પડી શકે છે.

ત્યારે એક મનુષ્યના જીવનનું જીવવાનું એક મોટામાં મોટું પ્રત્યક્ષ પ્રમાણ તો શ્વાસ છે. એ **શ્વાસને જ જિંદગી ગણેલી છે.** એવા શ્વાસને અમુક પ્રકારની નિયમિતતામાં, પણ એ નિયમિતતા જડતાવાળી નથી, ચોકઠાંવાળી નથી, જડબેસલાક નથી. એ શ્વાસની અમુક પ્રકારની સ્થિતિ પ્રગટાવવામાં પ્રાણાયામ બહુ મોટો ભાગ ભજવે છે.

પણ એ પ્રાણાયામ મારા તમારા જેવા, ગમે તેવા શીખવા બેસીએ તો લાભને બદલે ગેરલાભ થશે, કારણ કે શ્વાસનું નિયમિતપણું એમાં એ નહિ પ્રગટાવી શકે, કારણ કે એવી રીતે એકધારા લેવા, મૂકવા કરવામાં, અને એનું પણ પ્રમાણ હોય છે. બે, ચાર, આઠ, અમુક અમુક જાતનું કે એ પણ આપણે સરખી રીતે તે તે કાળે, તે તે વખતે શ્વાસની એ પદ્ધતિ લેવા મૂકવામાં આપણે એટલા બધા સંપૂર્ણપણે સોએ સો ટકા ચોક્કસ નહિ પ્રવર્તી શકીએ. એ આપણી તાકાત બહારની વાત છે. એટલે **મારી પાસે તો કોઈ પ્રાણાયામ શીખવા આવે તો હું તો ના જ પાડી દઉં કે મને આવડતું નથી.** હું તો કોઈ પણ ગૃહસ્થી માણસને કે જે કામક્રોધાદિકવાળો છે, એને કોઈ દિવસ હું પ્રાણાયામ નહિ શીખવું. આ વાત મારી ચોક્કસ છે. મારી સમજણ છે, એ પ્રમાણે હું તો ભાઈ પ્રવર્ત્યો છું.

### કુંડલિની

હવે બીજા કેટલાક લોકો કુંડલિની વિશે તેવું જ પૂછે છે. કુંડલિની તમે જ્યાં સુધી કામક્રોધાદિક, રાગદ્વેષાદિક, અહમાદિક તમારા મોળા પડ્યા નથી ત્યાં સુધી કુંડલિનીને એની મેળે તમે ઉઠાવવાનું કરો તો ભયંકર અધોપાતને નોતરવા જેવું છે ભાઈ. કામક્રોધાદિકમાં તમે ઘણા વધારે એમાં રાચશો.

ભગવાનની ભક્તિમાં તમે એકરસ થઈ જાવ. ભગવાનની ભક્તિમાં આ જ્યારે આપણને રસ લાગે છે ત્યારે આપમેળે ભઈ આ કુંડલિની તો જાગ્રત થાય છે.

મને પોતાને સમજણ એવી છે. અનુભવની સમજણથી હું કહું છું. **આજે ઘણા બધા લઈ મંડેલા હોય તેમને લઈ મંડવા દો અને આજે લોકોને મહેનત કર્યા સિવાય, પરસેવા પાડ્યા સિવાય, કોઈકના આશીર્વાદથી ઝટઝટ મેળવી લેવું છે. એ એક આખી ભ્રમણાત્મક હકીકત છે.**

કુંડલિની જાગ્રત થાય. એ કુંડલિનીનો હેતુ પહેલા તો હું જે સમજું છું, મારા પોતાના નાનકડા એક સમુદ્રના આગળ એક બિંદુ જેટલા અનુભવથી મને જે સમજણ પડી છે, તે હું તમને કહું છું કે આધ્યાત્મિક સાધનાના પંથમાં ઉચ્ચતર ભૂમિકાઓમાં જતાં જતાં સૂક્ષ્મ પ્રકારનું એક દેવ-દાનવનું યુદ્ધ પ્રગટે છે. એમાં તમે જુઓ તો આપણાં પુરાણોમાં હકીકત છે કે ઘણીવાર દેવો દાનવોથી હારી જાય છે. ત્યારે એમને વિષ્ણુ ભગવાનની પાસે જવું પડે છે. એમનું રક્ષણ-એમની શક્તિને લઈને વળી પાછા આવે છે અને

આ દાનવોને હરાવે છે, તે તો મારા હિસાબે એક sysbolic expression એક પ્રતીક છે.

ત્યારે એવી જે ઉચ્ચ ભૂમિકાઓમાં આ જે દેવ-દાનવોનું યુદ્ધ સૂક્ષ્મપણે જે ખેલાતું હોય છે ત્યાં આપણી હાલની જે જીવદશાની પ્રકૃતિ છે એનું જોર, એની શક્તિ ત્યાં કામ નહિ લાગે. ત્યાં ભગવાનની શક્તિની જરૂર છે. એ યુદ્ધ ખેલવામાં અને આપણામાં રહેલા દાનવો જે સૂક્ષ્મપણે આ ભયંકર સંગ્રામ જ્યારે જામે છે, એ ભયંકર સંગ્રામ-એ દાવાનળ સંગ્રામમાં આ ભગવાનની શક્તિની જરૂર. **એ ભગવાનની શક્તિ તે જ કુંડલિની શક્તિ.** અને ભગવાનની એવી કુંડલિની શક્તિ એવી ભગવાનની શક્તિ ભક્તિ પ્રગટ્યા સિવાય ભાઈ જાગી શકતી નથી.

પહેલાં તો એના માટે ભક્તિ જાગવી જોઈએ. ત્યારે એ જે દેવ અને દાનવોનું સાધનાની ઉચ્ચ ભૂમિકામાં ભયંકર સંગ્રામ જાગે છે એ સંગ્રામમાં ભગવાનની શક્તિ વિના સામાન્ય બીજી કોઈ શક્તિ કામ લાગી શકે એમ છે નહિ. ત્યાં ભગવાનની શક્તિની જ જરૂર છે. એ ભગવાનની શક્તિ તે જ કુંડલિની શક્તિ અને એ ભગવાનની ભક્તિ જાગ્યા સિવાય કદી પ્રાપ્ત થઈ શકતી નથી, ને ભગવાનની શક્તિ ત્યારે જ જાગ્રત થાય કે તમારામાં ભક્તિ પ્રગટી હોય ને ભક્તિ ત્યારે જ પ્રાપ્ત થાય કે જ્યારે તમારામાં કામક્રોધાદિક, રાગદ્વેષાદિક, અહમાદિક ઘણા મોળા પડી ગયા હોય ને ભગવાનમાં તમારું ચિત્ત લાગ્યું હોય ત્યારે એ બની શકે. ત્યારે જ આ કુંડલિની શક્તિ જાગ્રત થાય છે અને એ આપમેળે જાગ્રત થાય તે જ ઉત્તમ.

આજ તો જેમ બનાવટી જે તે બધું નીકળ્યું છે, ભેળસેળવાળું જે તે બધું નીકળ્યું છે, એનો તો આ કાળ છે ભઈ. અમારે ત્યાં જેને ને તેને કુંડલિની શક્તિ જાગ્રત કરવાનું અને જાગ્રત કરાવી દેવાનું મહાત્મા લોકો કહેતા હોય તો મંજૂર છે. એ મહાત્મા લોકોને અમારા હજારો નમસ્કાર છે. પ્રેમભક્તિભાવે. જરાકે અવગણના કરીને હું વાત કહેતો નથી, પણ મારી સમજણ આ જાતની છે કે જ્યાં સુધી કામક્રોધાદિક, અહમાદિક, રાગદ્વેષાદિક મોળા પડ્યા નથી ત્યાં સુધી કુંડલિનીને જાગ્રત કરવાના પ્રયત્નો નકામા છે ને ભગવાનમાં ચિત્ત લાગે છે ત્યારે આપમેળે જ્યારે આધ્યાત્મિક ઉચ્ચ કક્ષાઓમાં જઈશું ને ત્યાંની એ સૂક્ષ્મ ભૂમિકાઓમાં, સાધનાની એવી ઉચ્ચતમ ભૂમિકાઓમાં આ દેવ-દાનવનું યુદ્ધ પ્રગટે છે એ કોઈ અનોખા પ્રકારનું છે. એનું વર્ણન હાલની આપણી પ્રાકૃતિક દશામાં કામક્રોધાદિકનું જે યુદ્ધ છે, એ તો તદ્દન નજીવું છે. એ ભયંકર યુદ્ધ. એ યુદ્ધની કલ્પના સામાન્ય જીવદશાના માણસોને આવવી પણ શકય નથી. એવા સંગ્રામમાં ભગવાનની શક્તિ જે ખપમાં લાગે છે અને તે આપણાં પુરાણોમાં આ દેવ-દાનવનાં યુદ્ધોમાં અંદર હકીકત આવે છે. દેવો હારી જાય છે અને વિષ્ણુ ભગવાન પાસે એમનું રક્ષણ માંગવા એમની શક્તિ લેવા જાય છે. ભગવાન એમને અભયવચન અને શક્તિ આપે છે. દેવો પાછા આવીને દાનવોને હરાવે છે. એ પ્રતીકાત્મક જે એ હકીકત છે તે બિલકુલ આ સંગ્રામમાં આધ્યાત્મિક સાધનાના ઉચ્ચતર ક્ષેત્રોમાં, ઉચ્ચતર ભૂમિકાઓમાં આ જે દેવ અને દાનવોનું જે સૂક્ષ્મમાં સૂક્ષ્મ એવું ભયંકર સંગ્રામ જે મચે છે ત્યારે ભગવાનની શક્તિ ત્યાં કામ લાગે છે અને ભગવાનની શક્તિ તે જ કુંડલિની શક્તિ. હરિઃૐ તત્-સત્.

'મોટાવાણી ભાગ-૯', પ્ર. આ. ❏

# (૨) બાહ્યદેખાવથી ન દોરવાઈએ

**શ્રી નંદુભાઈ**

એક સાધકે મને પ્રશ્ન પૂછેલો કે 'મુક્તાત્માના મુખ ઉપર એક જાતનું તેજ, ઓજસ, કાંતિ હોય છેને ?' આ પ્રકારનો પ્રશ્ન એ પહેલાં પણ બીજાઓ તરફથી થયો હતો. ઘણા લોકો મહાન વ્યક્તિઓને જોઈને તેમની બાહ્યઆકૃતિથી આકર્ષાતા જોવા મળ્યા છે. પૂજ્ય મહાત્મા ગાંધીજી વિશે પણ તેમના ભક્તો, પ્રશંસકો, અનુયાયીઓને કહેતા સાંભળ્યા છે.

આ અંગે મારો અભિપ્રાય જુદો પડે છે. સામાન્ય રીતે તો એવું પણ બને છે કે અમુક વ્યક્તિ મહાન છે, તે જાણીને આપણા પોતાનામાં તે વ્યક્તિ પ્રત્યેનાં ભક્તિ અને ભાવને કારણે આપણને તેની આકૃતિ તેજોમય જણાય છે. બાકી, વાસ્તવમાં એવું હોય પણ નહિ. દા.ત., મહાત્મા ગાંધીને કોઈ ઓળખતું ના હોય એવા સ્થળમાં અને વાતાવરણમાં રસ્તાની એક બાજુએ ઊભા રાખીએ કે બેસાડીએ અને ત્યાંથી અનેક લોકો પસાર થતા હોય તો કોઈને તેમના મુખ ઉપરની કાંતિનો ખ્યાલ આવશે નહિ, કે તેનાથી આકર્ષાશે નહિ. તેવું જ શ્રીરમણ મહર્ષિ વિશે પણ કહી શકાય. જ્યારે તેમની સરખામણીમાં બીજી બે મહાન વ્યક્તિઓ-સ્વામી રામદાસ અને પૂજ્ય શ્રીઅરવિંદ-ને લઈએ તો એ બેને જોતાં જ સૌ કોઈ તેમના પ્રત્યે આદરભાવ વ્યક્ત કરશે.

મારી સમજણે તે બન્નેનો રંગ શુભ્ર છે-ઊજળો વાન છે એ કારણ છે. તેમની મુખાકૃતિ આકર્ષક છે. મુખ ઉપર એક જાતની ચામડીનો ચળકાટ છે. શ્રીઅરવિંદને તો ભવ્ય દાઢી પણ છે. શ્રીઅરવિંદ જેવી જ મુખાકૃતિવાળા-ભવ્ય દાઢીવાળા એક ભાઈને હું જાણું છું. તેમને પણ સમાજમાં એ રીતે પ્રતિષ્ઠિત કરીએ તો તેઓ અન્ય અનેક લોકોને આકર્ષી શકે એમાં પણ કોઈ શક નથી. આમ છતાં વાસ્તવમાં તેઓ તો સાવ સામાન્ય સંસારી જીવ છે.

આ ઉપરથી સહેજે સમજી શકાય છે કે મોટે ભાગે જે લોકો આકર્ષાય છે, તે તો આંતરિક ગુણવિકાસને કારણે નહિ, પરંતુ બહારના ભવ્ય દેખાવને કારણે. આકર્ષક ચહેરાવાળી કેટલીક વ્યક્તિઓને મેં જોઈ છે કે જેઓને જોતાંની સાથે જ વંદન કરવાનું મન થાય. અને એમાંયે જો આવી વ્યક્તિએ ભગવાં વસ્ત્રો ધારણ કર્યાં હોય તો સૌ કોઈ તેમના પ્રત્યે આકર્ષાય અને પગે લાગે. આમ છતાં તેમની આધ્યાત્મિક ભૂમિકા પેદા ના પણ થયેલી હોય. જ્યારે બીજી બાજુ અનાકર્ષક વ્યક્તિઓ એવી જાણી છે કે જેમનો આધ્યાત્મિક વિકાસ ઘણી ઉચ્ચ ભૂમિકાએ થયો હોય અને મુક્ત પણ હોય.

શુકલતીર્થની નજીક મંગલેશ્વર ગામ છે, ત્યાં અમે કેટલાક સમય ઉપર ગયા હતા. ત્યાં અમે જાણ્યું કે ત્યાંથી થોડે દૂર રહેતો એક અનાર્ય ભીલ, કાળો સીસમ જેવો, વૃદ્ધ, તદ્દન ગામડિયો, જંગલમાં વસનારો જંગલી ગણી શકાય તેવો છે, પણ એ મુક્ત દશામાં વિહરે છે. તેમના વિશે જે જે પ્રસંગો જાણ્યા તે ઉપરથી સહેજે અનુમાન થઈ શકે કે તેમની કક્ષા ઘણી ઉચ્ચ હોવી જોઈએ.

આપણી જાણમાં આવેલ એવી ઘણી આધ્યાત્મિક વ્યક્તિઓને બે વિભાગમાં વહેંચી શકાય. એક વિભાગમાં તદ્દન આકર્ષણ ન થાય, અનાકર્ષણ થાય એવી વ્યક્તિઓ અને બીજા વિભાગમાં ભારે આકર્ષણ કરનાર વ્યક્તિઓ.

એક સામાન્ય દાખલો ટાંકું. શ્રી હેમંતભાઈ (નીલકંઠ) અને હું અગાઉ ઘણી જગાએ સાથે જતાં-આવતાં, જ્યાં અમને બેઉને ખાસ કોઈ ઓળખતું ન હતું. ત્યાં મારા તરફ લોકોને માનઆદર પ્રગટતું અને હેમંતભાઈ તરફ તેમાંનું કશું અનુભવાતું નહિ. હવે, હકીકતમાં અમારા બેની ગુણવિકાસની કક્ષામાં ઘણો મોટો ભેદ હતો. **મારી દૃષ્ટિએ હેમંતભાઈની સરખામણીમાં મારો ગુણવિકાસ ઓછો હતો.** છતાં બાહ્ય દેખાવ-આકૃતિને કારણે લોકોના વ્યવહારમાં જુદું પરિણામ અનુભવાતું હતું. તેનું કારણ 'બહારનો દેખાવ.' એટલે તે વખતથી મારી તો સમજણ દૃઢ થતી આવેલી કે લોકો તો બહારના દેખાવથી આકર્ષાય છે, કારણ કે આંતરિક ગુણવિકાસની લોકોને શી ખબર પડી શકે !

આપણી પૌરાણિક કથાઓમાં અષ્ટાવક્રનો એક પ્રસંગ છે. તેઓ રાજા જનકની સભામાં જાય છે ત્યારે સભામાં ઉપસ્થિત લોકો અષ્ટાવક્ર (જેનાં આઠે અંગ વક્ર હતાં) ને જોઈને સૌ ખડખડાટ હસતાં હતાં. અષ્ટાવક્ર મુનિએ રાજા જનકને કહેવું પડેલું કે તારી સભામાં બધા મોચીઓ લાગે છે. તેઓ હાડમાંસ અને બહારના દેખાવને જોનારા છે ! આપણે સૌ જાણીએ છીએ કે અષ્ટાવક્ર ઘણા જ્ઞાની હતા. એ જ પ્રમાણે સોક્રેટીસ પણ દેખાવે આકર્ષક ન હતા. એમનો હોઠ એટલો બધો તો જાડો, મોટો અને બેડોળ હતો કે તે નર્યા બાહુક જેવા જ લાગતા હતા. છતાં વાસ્તવમાં તેઓ ડહાપણના ભંડાર હતા.

'આશ્રમની અટારીએથી', ત્રી. આ., પૃ. ૯૧ ❑

## 'હરિવાણી ટ્રસ્ટ'ને મળેલ દાન/ભેટ

—સંપાદક

| ક્રમ | સર્વેશ્રી નામ | ગામ | રકમ રૂ. |
|---|---|---|---|
| ૧. | સવિતાબહેન ગોપાલભાઈ પટેલ પરિવાર (સૌજન્ય) | | ૧૧,૧૧૧/- |
| ૨. | ઠાકોરલાલ મોહનલાલ વ્યાસ ૮૪મા જન્મદિન (૧૦-૯) નિમિત્તે | નરોડા | ૫,૦૦૧/- |
| ૩. | જગદીશભાઈ સી. મારફતીયા | મુંબઈ | ૫,૦૦૦/- |
| ૩. | ગૌરાંગ મરચંટ | અમેરિકા | ૪,૦૭૪/- |
| ૪. | ચિ. તજજ્ઞા (હાલ કેનેડા)ની જ.તા. ૨૧-૧૧ નિમિત્તે શુભેચ્છા સહ હસ્તે નાનીબહેન અનુજ્ઞા અને માતાપિતા મનીષા પ્રશાંત જાની | અમદાવાદ | ૨,૧૧૧/- |
| ૫. | મયંકભાઈ અમૃતભાઈ પરમાર : સદ્‌ગત પિતાશ્રી અમૃતભાઈ વિઠ્ઠલભાઈ પરમારની પ્રથમ માસિક પુણ્યતિથિ (દેહાંત તા. ૨૩-૮-૧૭) નિમિત્તે | વડોદરા | ૧,૦૦૧/- |
| ૬. | એક સેવક | અમદાવાદ | ૧,૦૦૦/- |
| ૭. | જયંતભાઈ નરોત્તમભાઈ પટેલ | સુરત | ૫૦૧/- |
| ૮. | નિરંજન સી. ભટ્ટ | અમદાવાદ | ૫૦૧/- |
| ૯. | જગદીશ જોષી પૂજ્ય શ્રીમોટાના જન્મદિન (૪-૯) નિમિત્તે | વડોદરા | ૨૫૧/- |
| ૧૦. | જયેશ એમ. પટેલ | લવાછા | ૨૦૦/- |
| ૧૧. | હોનેકકુમારી આર. પટેલ | લવાછા | ૨૦૦/- |

ઉપરોક્ત સર્વે દાતાઓના અમો ખૂબ ખૂબ આભારી છીએ.

અમારા ખાતામાં સ્વજનો ઈ-બેન્કીંગથી રકમ જમા કરાવે છે પણ તેની માહિતી અમોને જણાવતા નથી. તો તે પ્રત્યે ધ્યાન આપવા વિનંતી છે. **- સંપાદક**

# (૩) મૃત્યુવેળા ચેતનાનિષ્ઠની મદદ : શ્રીમોટા

સં રતિલાલ મહેતા

'મૃત્યુવેળા ચેતનાનિષ્ઠની મદદથી શાંતિ, આરામ અને રાહત મળી શકે છે. મારી એક ભત્રીજી હતી. (શ્રીમોટાના દેહના નાનાભાઈ સોમાભાઈની દીકરી દીપ્તિ) તેને નાર ગામે (પેટલાદ તાલુકો, જિ. ખેડા) પરણાવેલી. તેને ક્ષય રોગ થયો હતો. બીમારીની છેલ્લી અવસ્થામાં તે હતી. તે સમયે તેને ઘણી ઉધરસ આવતી અને છાતીમાંથી લોહી પણ પડતું હતું. એ બિચારી બહુ રિબાતી હતી. તેથી, એક વખત તેણે મને કહ્યું, 'કાકા, તમે આટલી ભક્તિ કરો છો તો મને આ રોગમાં જરા આરામ થાય અને હું શાંતિથી મરું એટલું ના કરી શકો ?' એ ભત્રીજીની એવી સ્થિતિમાં મને એણે કરેલી વાતોએ મને પિગળાવ્યો. વળી, એ મારી ભત્રીજી હતી. તેથી મેં તેને શાંતિ આપી. મને જોતજોતામાં સખત ખાંસી, કફ અને લોહી પડવા માંડ્યા. શ્રી નરહરિભાઈ પરીખ અને હરિજન આશ્રમ સાબરમતીમાંના બીજા સાથીઓ ચિંતાતુર થયા અને મારી સારવાર કરાવવા માંડી. એ દરમિયાન મારી ભત્રીજીની ખાંસી મટી ગઈ, લોહી પડતું બંધ થઈ ગયું અને છેવટે તેણે શાંતિથી છેલ્લો શ્વાસ લીધો. તે બાદ મને પણ ખાંસી વગેરે મટી ગયાં. આ તાદાત્મ્ય ભાવનાનું પરિણામ.

આવો જ એક બીજો દાખલો શ્રી વ્રજલાલભાઈ (વજુભાઈ) જાનીનો છે. શ્રી વજુભાઈ ઉચ્ચ શિક્ષણ પામેલા પણ શ્રીમોટાના ભક્ત હતા. તેમના વિશે આજીવન હરિજન સેવક શ્રી છગનલાલ જોશી કે જેઓ ૧૯૨૬-૨૭ની સાલમાં હરિજન આશ્રમ, સાબરમતીમાં આશ્રમના સેક્રેટરી હતા તેમણે લખ્યું છે કે :-

મારી સાથે સૌરાષ્ટ્રમાં સને ૧૯૫૩-૫૪માં પછાત વર્ગ બોર્ડના મુખ્ય અધિકારી તરીકે શ્રી વજુભાઈ જાની કામ કરતા હતા, તેઓ શ્રીમોટાના ભક્ત બન્યા હતા. ત્યારે મોટા આટલા બધા દિવ્ય પુરુષ હશે એવી કોઈને કલ્પના ન હતી. આજે તો મોટાએ અનેકને તાર્યા છે....

વજુભાઈ જાની કમભાગ્યે કેન્સરમાં સપડાયા. શરીરનું એક પણ અંગ હાલી શકે નહિ. આંખ ઊંચી કરતા પણ વેદના થાય. એવા દિવસો છેલ્લી અવસ્થામાં તેમને ગાળવા પડ્યા હતા. વજુભાઈ તો ઈશ્વર ભજનમાં લીન રહેતા અને અમે તેમનું દુઃખ જોઈ રડતા હતા, પણ વજુભાઈ તો કેમ જાણે કે મોટામાં સમાઈ ગયા હોય એવી શાંતિ ભોગવતા હતા !

આ બધા ઉપરથી એટલું તો સમજાય છે કે સંતાત્મામાં હળી, મળી, ભળી, ગળી ગયેલાઓ કેટલી શાંતિથી છેલ્લા રામ રામ કરી શકતા હોય છે.

ઉપર જેનો ઉલ્લેખ થયો છે તે વજુભાઈ જાનીને પૂજ્ય શ્રીમોટાએ તેમને ૧૯૫૫, ૫૬, ૫૭ દરમિયાન કેન્સરની બીમારીના સમયમાં પત્રો લખ્યા હતા. તેમાં લખેલ કે કેન્સરના હાઉથી ભડકવાની મુદ્દલે જરૂર નથી. **હરિસ્મરણમાં જીવતા થવા કાજેનો આ એક પ્રેરણાત્મક ધક્કો છે. શરીર જવાનું હોય કે નહિ તોપણ બિલકુલ શોક થાય જ નહિ એવી પાકી જીવતી તૈયારી કરવી જોઈએ. ખરું જીવન તો તે પછીની દશાનું જ ગણાય** છે અને તે (આધ્યાત્મિક વિકાસ) હરિસ્મરણમાં લગની પ્રગટ્યા વિના કદી શક્ય નથી. જિજીવિષાની ભાવનાને જરા પણ મોળી પડવા ના દેવી. **જીવનની હારમાળા અનંત છે. તે તૂટક નથી. શરીર એ જીવન નથી.** જીવનની અનંતતાના અનુભવ માટે શરીર જરૂરનું છે અને તેથી શરીરનું મહત્ત્વ ઘણું છે. શરીરને જવાપણું તો રહેલું છે, તે હકીકત છે. તે સાથે સાથે શરીરની પણ સળંગતા અને સમગ્રતા એકધારી કદી તૂટી જતી

**(અનુસંધાન પેજ નં. ૧૫ ઉપર)**

## (૪) શ્રીદાસાનુદાસ : જીવનરેખા

**ડૉ. રમેશ ભટ્ટ**

*(ગતાંકથી આગળ...)*

શ્રીદાસાનુદાસ પ્રત્યે હજારો ચાહકો આકર્ષાયા હતા, પરંતુ તેઓશ્રી નામના-પ્રસિદ્ધિથી દૂર રહેતા હતા. બાપજીએ હજારો ચાહકોને પત્રો લખ્યા છે, ટોળાં ભેગાં કરવાના બદલે વ્યક્તિગત જિજ્ઞાસુને માર્ગદર્શન આપતા અને તે પણ સૂક્ષ્મભાવથી. જે તે પત્ર ક્યાંથી લખાયો છે તેની વિગત પત્રના મથાળે લખાતી નહોતી. સને ૧૯૮૦માં લખેલા એક પત્રમાં પત્રના મથાળે સ્થળની વિગત લખવાના બદલે, 'અત્ર, તત્ર, સર્વત્ર' એવો ઉલ્લેખ કર્યો છે. ઉપરાંત, પત્રમાં જે તે વ્યક્તિના નામનો ઉલ્લેખ મોટે ભાગે ટાળતા અને વહાલા આત્મા કે વહાલા આત્માઓ લખતા અને પત્રના અંતમાં દાસાનુદાસ લખવાને બદલે મોટે ભાગે 'ૐ, ૐ, ૐ, આનંદ, આનંદ, આનંદ' એમ ત્રણ વખત લખતા.

'ૐ'ની ભાવના તેઓશ્રીએ સમજાવી છે કે સકળ બ્રહ્માંડમાં, સર્વ પદાર્થોમાં જે ચેતન પ્રસરેલું છે એને અનુભવવા માટેની સંજ્ઞા 'ૐ' છે. પરમાત્મા ક્યારેય વચન થયા નથી. છતાં પરમ અને અખંડ આનંદરૂપે એ વ્યક્ત છે. ત્રણ વખત ૐકાર અને ત્રણ વખત આનંદ શબ્દ લખવામાં દેશ, કાળ અને પ્રકૃતિ એ ત્રણેય ભગવાન છે, એ બાપજીને અનુભવથી પ્રમાણિત છે.

'આપણા જગતની આપણી ભાવનાઓનો જથ્થો આપણે બધાએ મળીને જ ખપાવવાનો છે, એટલે દેહ-દૃષ્ટિએ ભલે આપણે જુદા જુદા દેખાઈએ છતાં ભાવના-પ્રદેશની દૃષ્ટિએ આપણે બધા એકમેકને અડીને રહ્યા છીએ. માટે કદી અહંકારે કરીને મારી ક્રિયા અને મારું પ્રારબ્ધ એ શબ્દોને જાડા કરીશ નહિ. તું જગતનો છું અને જગત તારું છે, એવો ઐક્યભાવ કેળવજે.'

સને ૧૯૫૭ પછી બાપજીનું જીવન પ્રભુલીલારૂપે વ્યક્ત થતું હતું. નિરહંકારીપણું અને નિર્મમત્વ તો એમના રોમરોમમાં વણાઈ ગયા હતા. આમ છતાં સંન્યાસની દીક્ષા લેવાનો આદેશ દશ્યરૂપે આવ્યો અને સંન્યાસીની પરંપરામાં 'તીર્થ' વિભાગમાં સંન્યાસ ગ્રહણ કરવો એમ પણ આદેશ આવ્યો. શબ્દદેહરૂપે તો બાપજીના ગુરુ સ્વામી રામતીર્થ હતા. હિમાલયમાં ગંગોત્રીમાં રહેતા પૂર્ણાનંદ તીર્થ પાસેથી એમણે સંન્યાસદીક્ષા ગ્રહણ કરી (તા.૩૧-૭-૧૯૭૯) ગુરુએ ભગવાં વસ્ત્રો આપ્યાં અને 'દયાનંદ તીર્થ' સંજ્ઞા આપી. પ્રાર્થનાભાવે ગુરુજીને ગુજરાતમાં લાવી પોતાના પૂર્વાશ્રમના નિવાસ સ્થાનેથી અને અમદાવાદમાં અન્ય ચાર જગ્યાએથી ભીક્ષા લઈ સંન્યાસદીક્ષાના નિયમ પ્રમાણે પાંચ ઘરેથી ભિક્ષા માંગી લાવી દક્ષિણારૂપે પૂર્ણાનંદ તીર્થને ચરણે ધરી. સંન્યાસદીક્ષા પછી પણ બાપજીનો વ્યવહાર વિધિથી મુક્ત હતો. તેઓશ્રી પોતાના પૂર્વાશ્રમના (ખંભાતના) નિવાસસ્થાને જતા હતા. પ્રત્યેક પ્રત્યે પ્રેમ અને કરુણાભર્યો તેમનો વ્યવહાર હતો.

બાપજીએ પૂર્વાશ્રમમાં સંસાર ભોગવ્યો હતો. લાંબા સમય સુધી એમણે ભગવાં વસ્ત્રો નહોતાં પહેર્યાં, પરંતુ સંન્યાસીનો વેશધારણ કરેલો એટલે દેહની અંતિમ ક્રિયા માટે ભૂમિસમાધિ એમણે માન્ય ગણી પોતાના દેહના વિસર્જનના પાંચ વર્ષ પહેલાં પોતાની આરસ-પ્રતિમાનું નિર્માણ થવા દીધું હતું અને એ પ્રતિમાની પ્રતિષ્ઠા થાય ત્યાં સુધી એ પ્રતિમાને બંધ પેટીમાં પાંચ વર્ષ સુધી છુપાવેલી રાખી હતી.

સને ૧૯૯૬માં બાપજીને શ્વાસોશ્વાસની ગંભીર તકલીફ થઈ. હૉસ્પિટલમાં દાખલ કરાયા. કૃત્રિમ શ્વાસોશ્વાસ ઉપર રખાયા હતા. સર્જરી કર્યા વિના બાપજીના શરીરને બચાવી શકાય તેમ ન હોવાનો અભિપ્રાય ડૉક્ટરોનો હતો, પરંતુ સહેજ ભાનમાં આવતાં સર્જરીની ચોખ્ખી ના ચિઠ્ઠી ઉપર લખી. તે પછી બાપજીએ અમેરિકા અને ઝાંબિયા (આફ્રિકા)ના પ્રવાસો કર્યા. (ક્રમશઃ)

'આબુરાજ અન્નક્ષેત્ર', પ્ર.આ., પૃ. ૩૦ ❑

## (૫) નર્મદા પરિક્રમા : અનુભવ અને ચિંતન

સ્વામી પ્રેમાનંદજી

*(ગતાંકથી આગળ...)*

બાળકો તોફાન કરે ત્યારે મા શિક્ષા પણ કરે. અમે ક્યારેક મા નર્મદા સાથે તોફાને ચડી ગયા હોઈશું. માએ અમને ચીમકી આપી હશે. પણ અમે કાંઈ ગણકાર્યું નહિ હોય, એટલે નર્મદામા ખિજાઈ અને મારું બાવડું પકડીને જરા પ્રવાહમાં ઘસડી ગઈ ને મારા છક્કા છૂટી ગયા. માના ધસમસતા પ્રવાહમાંથી બચવા માંડ માંડ ટાંટિયા પછાડ્યા ત્યારે થોડાક છીછરા પાણીમાં અવાયું. જો વધારે આઘે જલપ્રવાહ ખેંચી ગયો હોત તો મારું હરિઃૐ થઈ ગયું હોત. મા નર્મદા દયાળુ છે. માએ અમારી બહુ બહુ કાળજી લીધી છે. એનો સ્વીકાર કરવો રહ્યો.

ચતુર્માસ શરૂ થવાની હજી વાર હતી. શ્રી બ્રહ્માચારીના ચિન્મયમધામમાં લોટ-દાળના ડબ્બા ભરેલા હતા. અમારે માટે ખુલ્લા હતા. એવામાં ખેડૂત જેવા દેખાતા એક ભાઈ આવ્યા. અમારી ઓસરી ઉપર ઘણાં બધાં લોટ-દાળ મૂકી વંદન કરી ચાલતા થયા. ચતુર્માસ શરૂ થાય તે પહેલાં આ સામગ્રી આઠ-દસ દિવસ ચાલે તેમ હતી. એક દિવસ શેઠ બદરીપ્રસાદ આવ્યા. અમે એમના મકાન-ધર્મશાળામાં ધામા નાંખ્યા હતા. અમને જોઈને બહુ રાજી થયા. અમે ચતુર્માસ રોકાવાના છીએ એ જાણ્યું એટલે ખિસ્સામાંથી સો રૂપિયા કાઢી ભેટ ધરીને કહેતા ગયા કે કોઈ ચિંતા કરશો નહિ. કંઈ કામકાજ હોય તો આ રખેવાળને ખબર આપજો. નર્મદે હર..કહેતાં કહેતાં રવાના થયા. મા નર્મદા કેટકેટલી કાળજી રાખે છે. એનો આ એક વિશેષ અનુભવ થયો.

અમારા ચતુર્માસ પહેલાંના વીસ દિવસ ખૂબ સારી રીતે પસાર થઈ ગયા. અષાઢી એકાદશી આવી ગઈ. આજે નેમાવરમાં ખૂબ ભીડ છે. સ્નાન-દાન-પૂજા-પાઠ-ઓહો! જનસમુદાયનો કેવો ભાવ છે ! આપણે નર્મદાજીને નદી તરીકે ઓળખીએ છીએ. મધ્યપ્રદેશના લોકોને માટે એ પરમકૃપાળુ મા છે. **ગુજરાતની જેમ અહીં ધનદાનનો રિવાજ નથી. ધાન્યદાન-અન્નદાનનો રિવાજ છે.** નર્મદાસ્નાન માટે આવતા લોકો લોટ-દાળ ઈત્યાદિ પ્રથમ ચતુર્માસ માટે રોકાયેલ પરકમ્માવાસીને, પછી ભિક્ષુકોને આપે છે. અહીં ઘણાંય સદાવ્રત ખૂલી જાય છે. તેમાં સૌથી મોટું સદાવ્રત મફતલાલ ગ્રુપવાળાનું છે. એક વ્યક્તિને પંદર દિવસ ચાલે એટલાં લોટ-દાળ, ઘી-ગોળ, જરૂરી મસાલાં એક પ્લાસ્ટિકની થેલીમાં આપી જાય. ક્યારેક ટુવાલ-ધોતી પણ હોય.

પરકમ્માવાસીને ચાર મહિના ખૂબ ખાતાં પણ વધી પડે એટલું મળી રહે છે. અહીં રોકડા પૈસા મળતા નથી એટલે કેટલાક સંન્યાસી વધારાની વસ્તુ વેચી નાખી પૈસા મેળવે અને પોતાના વ્યસનની તૃપ્તિ માટે એ રકમ વાપરે. નેમાવરના ચતુર્માસ દરમિયાન મુંબઈથી, અમદાવાદથી અને સૌરાષ્ટ્રથી મિત્રો મળવા આવતા. મિત્રો અમને ધનની ભેટ ધરતા પણ અમે ના પાડતા, કારણ કે ચતુર્માસ ચાલે એટલી જોગવાઈ થઈ ગઈ હતી. એટલે મિત્રોને ભંડારો કરવા સૂચવતા. ભંડારો એટલે દાળ-ભાત અને શીરો-પૂરી અથવા દાળ-બાટીનું ચૂરમું. બસ આજ પ્રથા. અમારે જરા નવીનતા લાવવી હતી એટલે અમે ખીર-પૂરી, દાળ-ભાત, શાક, ચટણી ભજિયાં એવી વાનગી બનાવતા. ભંડારામાં ખીર મળે છે, એ જાણીને પરકમ્માવાસીઓ ઘેલા બની જતા. વગર આમંત્રણે આવેલાને જમતા જોઈને અમને આનંદ આવતો અને કાઠિયાવાડી આગ્રહ કરી કરી પીરસતો. ભોજન બાદ યથાશક્તિ દક્ષિણા પણ અપાવતા. (ક્રમશઃ)

'શ્રી નર્મદામૈયાની પરિક્રમા', બી.આ.પૃ. ૮૩ ❑

# (૬) સદ્‌બોધને આચરણમાં ઉતારો

**શ્રીરણછોડદાસજી મહારાજ**

આપ સબ ભક્તિભાવ સે પુષ્પમાલા મુજે દેતે હૈં, સો ઠીક હૈ, પરંતુ ભાવના કી પૂર્તિ તો કેવલ એક પુષ્પ સે ભી હો સકતી હૈ. માલાઓ મેં વ્યર્થ વ્યય ન કરકે, ઉન પૈસો સે કોઈ ખાદ્ય સામગ્રી ખરીદકર કિસી ભૂખે મનુષ્ય કો ખિલા દો. તો ઉસકી અંતરાત્મા બહુત સંતુષ્ટ હોગી. આજ સે કોઈ પુષ્પમાલા મેં વ્યર્થ વ્યય ન કરેં.

આપ સબ લોગ શાંતિપૂર્વક મુજે સુન રહે હૈં, પરંતુ સુનને કે હી બાદ મનન કરકે સબ કુછ વર્તન મેં ભી લાતે હૈં, યા નહીં ? એક કાન સે સુનકર, દૂસરે કાન સે નિકાલ તો નહીં દેતે હૈં ન ? **સદ્‌બોધ આચરણ મેં નહીં ઉતારેંગે તો મેરા બોલના ઔર આપકા સુનના વ્યર્થ હૈ.**

મેરે પાસ આકર સત્ત્વગુણ કો ગ્રહણ કરને કે બદલે આપ સબ અપને રજોગુણ મેં હમ સાધુઓં કો ઘસીટતે હૈં. જૈસે કિ યે શાલદુશાલા ઓઢાના, ગાદીતકિયા બિછાના, મોટર મેં ઘુમાના આદિ. ઈસકા અર્થ તો યહી હુઆ કિ આપ સબ લોગ સેવા કે નામ સે અપની ઈચ્છાનુસાર ચલને કે લિયે હમેં મજબૂર કરકે હમારે ગુરુ બનતે હૈં.

મૈં બહુત વર્ષો સે રાજકોટ આતા હૂઁ , પરંતુ જબ સે શિષ્ય પરિવાર બઢા હૈ, તબ સે ઝંઝટ ભી બઢ ગઈ હૈ. ઔર ઈચ્છા ન હોને પર ભી અતિ આગ્રહ કી વજહ સે જ્યાદા દિન ઠહરના પડતા હૈ.

મેરા યહાં રહના તભી સાર્થક હોગા જબ આપ સબ **મેરે ઉપદેશ કો આચરણ મેં લાને કા પ્રયત્ન કરે. નહીં તો આધ્યાત્મિક માર્ગ મેં આગે નહીં બઢ સકેંગે.** ઔર મેરા શ્રમ વ્યર્થ હોગા. વિદ્યાર્થી સ્કૂલ મેં સે બાહર નિકલતા હૈ તબ માસ્ટર ઔર પઢાઈ કો ભૂલ કર ખેલકૂદ મેં લગ જાતા હૈ. પરિણામ મેં વહ નાપાસ હોતા હૈ. આપ લોગ ઐસા નહીં કરના.

માન-અપમાન કે કારણ અપના મન હી હૈ. યદિ મન સે માન અપમાન ન માના જાય તો સુખદુઃખ હોતા હી નહીં. આપ લોગોં કો આધી રાત કો સ્ટેશન પર આને કી તકલીફ ન ઉઠાના પડે, ઈસલિયે મૈનેં મેરે આને કા સમાચાર પહલે સે નહીં ભેજા. રાત્રિ કો લગભગ દો બજે મૈં આશ્રમ પર પહુંચા. મુખ્ય દ્વાર બંદ થા ઔર ચૌકીદાર પાસ મેં હી સો રહા થા. ઉસકો કષ્ટ ન હો ઈસ વિચાર સે મૈં પિછલે દરવાજે કો દેખ રહા થા. ઈતને મેં ચૌકીદાર જાગ ઉઠા ઔર ચિલ્લાને લગા 'અય મહારાજ ? અંદર ક્યું આયા હૈ ? બાહર જાવ !'

મૈંને સોચા યહ મુજે પહચાનતા નહીં હૈ ઔર અપના ફર્જ અદા કર રહા હૈ. ઈસકો પરિચય દેને સે ક્યા ફાયદા હોગા ? ઈસસે તો અપને હી બાહર ચલે જાના અચ્છા હૈ. મૈં બાહર જાકર એક વૃક્ષ કે નીચે કંબલ ઓઢકર સો ગયા. યદિ મૈં અપમાન સમજકર દુઃખ માનતા તો અવશ્ય મેરા ઔર ઉસકા ભી મન અશાંત હો જાતા. ❑

'મારા ગુરુદેવ', ચોથી આવૃત્તિ, પૃ. ૮૫, લેખિકા : કુ. દમયંતી સેજપાલ

**ગયેલા આત્માને...**

**પૂજ્ય શ્રીમોટાની જીવનવિકાસની ભાવનાને ચરિતાર્થ કરવા મથતા અને સદ્‌વિચાર પરિવાર, અમદાવાદ-ઉંવારસદને જીવનસંધ્યાનાં વર્ષોમાં પણ શરીરે સાથ આપ્યો ત્યાં સુધી સક્રિય રહી સદ્‌ભાવથી સેવા આપી રહેલ એવા શ્રી ગોપાળભાઈ ખોડીદાસ પટેલનો ૮૭ વર્ષની વયે અમદાવાદ મુકામે તા. ૨૨-૧૧-૨૦૧૬ના રોજ દેહાંત થયેલ છે. શ્રીહરિ ગતાત્માનું સર્વપ્રકારે શ્રેય પ્રેરે એવી પ્રાર્થના છે.**

**- સંપાદક**

## (૭) સુખદુઃખ તથ્ય કે મનનું સર્જન ?

**વિમલા ઠકાર**

ગીતામાં ઉપનિષદોનું દોહન છે, સાથે ષડ્દર્શનનો સાર પણ છે. સુખદુઃખ શું છે ? એ ઘટનાઓ છે ? એ તથ્ય છે કે મનની પ્રતિક્રિયા છે ? સંક્ષેપમાં જોઈએ તો શરીરને કોઈ ઘટના કે વિષય અનુકૂળ પડ્યો, મનને કોઈ વ્યક્તિ કે પરિસ્થિતિનો સંયોગ અનુકૂળ પડ્યો, આ અનુકૂળતામાંથી મનુષ્યનું ચિત્ત પ્રિયતા પેદા કરે છે. દેહને માટે શીતોષ્ણ સંવેગ હોય, ચિત્તને માટે અપમાનનો સંયોગ હોય, તો પ્રતિકૂળતા અપ્રિયતા પેદા કરે છે. શરીર અને મન માટે જે અનુકૂળ પ્રતિકૂળ સંયોગ આવે છે એમાંથી વ્યક્તિ પ્રિયતા-અપ્રિયતા પેદા ના કરે તો સુખદુઃખ થવાનો સવાલ જ પેદા થતો નથી. *अनुकूल संवेदनम् सुखम् प्रतिकूल संवेदनम् दुःखम् ।*

સુખદુખની શાસ્ત્રીય પરિભાષા એ છે કે મનુષ્યનું ચિત્ત પ્રિયતા-અપ્રિયતા ઉત્પન્ન કરે છે. એમાંથી રાગદ્વેષ પેદા થાય છે. પછી સુખના પુનરાવર્તનની સ્પૃહા અને દુઃખથી દૂર ભાગવાની ઈચ્છા પણ પેદા થાય છે.

જો વિષયો કે ઘટનાઓ પ્રત્યે પ્રિયતા-અપ્રિયતાનો ભાવ નહિ હોય તો રાગદ્વેષ પેદા નહિ થાય. **ગીતાશાસ્ત્ર એક નવી જીવનપદ્ધતિ શિખવાડવા માગે છે.** એ કહે છે કે અનુકૂળતા-પ્રતિકૂળતાને-દ્વૈતને કોઈ ટાળી શકતું નથી. શરીરના અને મનના ગુણધર્મો અનુસાર અનુકૂળતા પ્રતિકૂળતા જરૂર પ્રતીત થશે. એની તમારા મગજમાં નોંધ પણ થશે, પરંતુ એમાંથી વિષયો કે વ્યક્તિઓ પ્રત્યે રાગ પેદા થવા દેશો નહિ તો સર્વભૂતમાત્ર માટે સમભાવ, બધાને માટે આત્મભાવની પરિસ્થિતિ પેદા થઈ શકશે. નવા માનસશાસ્ત્રનું એમાં સર્જન થશે. **માનસશાસ્ત્રનું નવું માળખું ઊભું કરવું એ જ સાધનાનો હેતુ છે.**

જો રાગદ્વેષ પેદા ન થાય તો समत्वम् योग उच्यते ચિત્તની સમતા પેદા થઈ શકે છે. સમગ્ર સંસ્કૃતિનો એ જ આદેશ છે કે વહેવારમાં રહીને ચિત્તનું સમત્વ ઉપલબ્ધ કરો. આજે તો ચિત્ત વિક્ષિપ્ત-ક્ષુબ્ધ-અશાંત-બેચેન રહે છે. આપણે તો એ માની જ લીધું છે કે વિષયોના સંગમાં, વ્યક્તિઓના સાંનિધ્યમાં, સંબંધોની ગતિમાં ચિત્તનું ક્ષુબ્ધ થવું એ સ્વાભાવિક છે. અધ્યાત્મ કહે છે કે એ અસ્વાભાવિક છે. એ સહજ દશા નથી. એ તો પેદા કરવામાં આવેલી વિકૃતિઓ છે.

સત્યની પ્રતિષ્ઠા માટે, અન્યાયના પ્રતિકાર માટે, ધર્મની રક્ષા કાજે, રાગદ્વેષના જ્વરથી મુક્ત થઈને હે અર્જુન તારે લડવાનું છે. વ્યક્તિગત રાગદ્વેષ, વેરભાવને લઈને નહિ. આપણે તો લડીશું તો વ્યક્તિગત વેરભાવ લઈને જ લડીશું, ઈર્ષ્યા માટે લડીશું. અહીં મધ્યમમાર્ગ બતાવાયો છે. આ નવો માનસવિજ્ઞાનનો માર્ગ છે. નવી જીવનકલાનો માર્ગ છે. હું માનું છું કે ભારતીયોએ એમાં ઊંડા ઊતરીને એના તરફ ધ્યાન આપવું જોઈએ. ઘરમાં, મંદિરમાં ગીતાજીના પાઠ થાય, જન્મભર ચાલતો જ રહે અને ચિત્તની દશામાં કોઈ પરિવર્તન ના થાય વહેવારના સ્વરૂપમાં કોઈ નાવીન્ય ના હોય તો એ પાઠ તો યાંત્રિક બની જશે. **યાંત્રિક ક્રિયાઓનું પુનરાવર્તન એ ધર્મ કે અધ્યાત્મ નથી.** એક એક ક્રિયા અને કર્મમાંથી ચિત્તનું ઉત્થાન થતું જાય, વૃત્તિઓનું શમન થતું જાય, એક નવો જ આયામ પેદા થાય, એ આની પાછળનો હેતુ છે.

'स्थित प्रज्ञस्य का भाषा', બી.આ., પૃ. ૧૩ ❑

# (૮) 'ૐકાર' ઈશ્વરનો વાચક છે

**મહામુનિ પતંજલિ**

આપણા મનમાં જે કોઈ વિચાર આવે છે, તે દરેકનો અંગીભૂત એક એક શબ્દ પણ હોય છે. એ શબ્દ અને વિચારને પૃથક્ કરી શકાતા નથી, જુદા પાડી શકાતા નથી. એક જ વસ્તુનો બાહ્યભાગ તે શબ્દ અને તેનો અંદરનો ભાગ તે વિચાર અથવા ભાવના કહેવાય છે.

શબ્દ અને ભાવના એ બન્નેનો પરસ્પર સંબંધ છે. એક રીતે શબ્દ અને ભાવનાનો સંબંધ અવિચ્છિન્ન છે, તોપણ એક ભાવ એક જ શબ્દથી દર્શાવાય અને તેને માટે એક કરતાં વધારે શબ્દ ન જ હોય એવું નથી. વીસપચીસ દેશના લોકોના મનમાં એક જ પ્રકારની ભાવના હોય, પણ તે ભાવના દર્શાવવાને માટે તેઓ એક જ શબ્દનો પ્રયોગ કરતાં નથી. પ્રત્યેક ભાવના દર્શાવવા માટે આપણને શબ્દની જરૂર પડે છે, પણ એક શબ્દનો એક જ રીતે ઉચ્ચાર કરવો જોઈએ એવો કશો નિયમ નથી. 'ભાવના અને શબ્દનો સ્વાભાવિક સંબંધ તો છે જ, પણ એક શબ્દ અને એક ભાવના, એ બેની વચ્ચે અનિવાર્ય સંબંધ હોવો જ જોઈએ એવું ફલિત થતું નથી. એક જ ભાવનાને દર્શાવનારા શબ્દો અને ઉચ્ચારો ભિન્ન હોય છે તોપણ તેમની વચ્ચે સ્વાભાવિક સંબંધ રહેલો છે. જો વાચ્ય અને વાચકની વચ્ચે સ્વાભાવિક સંબંધ હોય તો જ શબ્દ અને ભાવનાનો સંબંધ સંભવી શકે. વાચક શબ્દ વાચ્ય પદાર્થનો પ્રદર્શક છે. અમુક વાચક શબ્દનો જ્યારે જ્યારે ઉપયોગ થાય છે ત્યારે ત્યારે અમુક વસ્તુનું જ સૂચન થાય છે, એની ખાતરી થાય છે, પછીથી તો એ વાચ્ય પદાર્થ સન્મુખ ન હોય તોપણ એકલા વાચક શબ્દની સહાયતાથી જેઓને તે પદાર્થનું જ્ઞાન થાય એવા હજારો માણસો નીકળી આવશે. વાચ્ય અને વાચક વચ્ચે સ્વાભાવિક સંબંધ હોવાની ખાસ જરૂર છે. એમ હોય તો જ વાચક શબ્દનું ઉચ્ચારણ થતાંની સાથે વાચ્ય પદાર્થની ભાવના સાંભળનારના મનમાં તાજી થાય છે.

**ૐકાર એ ઈશ્વરનો વાચક છે.** 'ઈશ્વર' એ વિચાર જણાવવાને માટે સેંકડો શબ્દો યોજાયા છે. એ દરેક શબ્દ 'ઈશ્વર'નો વાચક થઈ શકે છે. એ તો જાણે ઠીક, પણ એ બધા શબ્દો પૈકી આપણે એક એવો સાધારણ શબ્દ શોધી કાઢવો જોઈએ કે જે સમસ્ત વાચક શબ્દોના સામાન્ય આધારરૂપ હોય. આવો શબ્દ, તમામ શબ્દોનો વાચક હોવો જોઈએ, સર્વ વાચક શબ્દોમાં શ્રેષ્ઠ હોવો જોઈએ અને વાસ્તવિક રીતે બધા શબ્દોની જગ્યાએ વાપરી શકાય એવી શબ્દશક્તિવાળો હોવો જોઈએ. જેમ ગળામાંથી જ પ્રત્યેક શબ્દનો ઉચ્ચાર પ્રગટે છે, તેમ એવો કોઈ ભૌતિક શબ્દ છે કે જેના વડે બીજા બધા શબ્દોનું આપોઆપ જ પ્રગટીકરણ થઈ જાય ? 'ૐ' એ એક જ એવો શબ્દ છે. એ તમામ શબ્દોના આધારરૂપ છે.

'ૐ' માં પહેલો અક્ષર જે અ છે, તેમાં તમામ શબ્દોનું મૂળ રહેલું છે. એ તમામ શબ્દોની કૂંચી જેવો છે. અ નું ઉચ્ચારણ કરતી વખતે જીભ તથા તાળવાના કોઈ પણ ભાગને સ્પર્શ કરવો પડતો નથી. 'ૐ'માં ત્રીજો અક્ષર મ છે, તે તમામ વર્ગના વ્યંજનોનો છેલ્લો અક્ષર છે. એટલે તેને બધા અક્ષરોનો પ્રતિનિધિ ગણી શકાય. એનો ઉચ્ચાર કરતી વેળા બેઉ હોઠ બંધ કરવા પડે છે. 'ૐ' નો વચલો અક્ષર  ઉ ને જીભના મૂળથી માંડીને મુખમાં રહેલા શબ્દજનક યંત્રના બીજા છેડા સુધી પ્રસરી જાય છે.

આ રીતે એકલા ૐ શબ્દ દ્વારા શબ્દોચ્ચારના તમામ પ્રકારનું પ્રગટીકરણ થઈ શકે છે. એટલા

માટે જ એને સ્વાભાવિક ઈશ્વરવાચક શબ્દ માન્યો છે. અને તમામ પ્રકારના શબ્દોના જનકતુલ્ય ગણ્યો છે. જેટલા પ્રકારના શબ્દ ઘડી શકાય તે સર્વનું ૐકાર વડે સૂચન થઈ શકે છે. આ બધાં અનુમાન એકબાજુ ઉપર મૂકીએ તોપણ ૐકાર ઈશ્વરનો વાચક છે એમ માનવાને બીજાં પણ કારણો છે.

ભરતખંડમાં જે જે ધર્મની ભાવનાઓ પ્રચલિત થયેલી છે, તે બધી ૐકારની આસપાસ જ ગૂંથાયેલી હોઈ ૐકારમાં જ આવીને એકત્ર થાય છે. વેદમાં વર્ણવેલી વિવિધ પ્રકારની ધાર્મિક વિચારણાઓ ૐકારની આસપાસ એકત્ર થયેલી છે. દ્વૈતવાદી, અદ્વૈતવાદી, દ્વૈતાદ્વૈતવાદી, ભેદવાદી અને નાસ્તિકવાદીઓએ પણ ૐકારનો સ્વીકાર કર્યો છે.

એ ૐકારનો જપ તથા તેના અર્થરૂપ પરમાત્માનું ધ્યાન-ચિંતન કરવું એનું નામ ઈશ્વરપ્રણિધાન છે. સંસ્કારના સિદ્ધાંત પ્રમાણે તમામ પ્રકારના સંસ્કારોનો સમૂહ આપણા મનમાં રહે છે. તેઓ સૂક્ષ્મ અને તેથીયે વધારે સૂક્ષ્મ બનતા જાય છે ખરા, પણ નિર્મૂળ તો નથી જ થતા. કોઈ ઉત્તેજક કારણ મળી આવતાં પાછા તે જાગ્રત થઈ જાય છે. **અણુઓનું કંપન કદી વિરામ પામતું નથી.** મોટાં મોટાં બ્રહ્માંડોમાં જે કાર્ય ચાલી રહ્યું છે તે જ કાર્ય નાનામાં નાના પરમાણુમાં પણ ચાલ્યા કરે છે.

એક ક્ષણનો પણ સાધુ સમાગમ ભવસાગર તરી જવાની નૌકા સમાન થઈ પડે છે. બાહ્ય સત્સંગની જેમ આંતરિક સત્સંગની પણ અસર છે. ૐકારનો જપ એ આંતરિક સાધુસંગ કરવા જેવું છે. જપ વખતે તેના અર્થનું અનુસંધાન સહાયક બને છે. અર્થના મનનથી હૃદયમાં જ્ઞાનનો પ્રકાશ પ્રગટી આત્મભાનુ ઝળકી ઊઠશે.

'પાતાંજલ યોગસૂત્ર', સ્વામી વિવેકાનંદ, ભા. ૧૦
પ્ર.આ., પૃ. ૧૬૭ ❑

**(અનુસંધાન પેજ નં. ૯ નું ચાલુ)**

નથી હોતી, અને તેથી શરીરનો ફરી જન્મ થવો શક્ય હોય છે. રોગ આવે છે તે ચેતાવવા, જગાડવા માટે, હવે જાગી જાવ. જાગીને જીવવાનું છે. એનું સ્મરણ કર્યા કરજો.

'પૂ. મામાના (શ્રી નંદુભાઈના મામા) શરીર માટે આ જીવ (મારા) શરીરને હોડમાં મૂક્યું હતું. જે પ્રભુકૃપાથી શક્ય બન્યું. મામાનું મરણ આવતું અટકાવી શકાવાયું (જોકે બધાની બાબતમાં તેમ જ થવું શક્ય ના પણ હોય) તે હકીકત એટલી બધી દીવા જેવી છે કે તેથી હરિનામમાં ઘણો ઘણો આત્મવિશ્વાસ દૃઢ થાય છે. પ્રત્યેક સાત્ત્વિક વિચારનું પરિણામ છે. એ ફળવો જ જોઈએ, પણ સામી બાજુથી એવો પ્રેમભક્તિયુક્ત હૃદયનો ઉમળકાભર્યો સહકાર મળતો હોતો નથી.'

શ્રી નંદુભાઈના મામા, ગોપાળદાસ ૧૯૫૪માં કુંભકોણમ્‌માં મરણતોલ માંદગીમાં હતા ત્યારે ગોપાળદાસના પુત્ર શ્રી હસમુખભાઈએ (ઉર્ફે શ્રીલાલાજી-સં) પૂજ્ય શ્રીમોટાને આજીજી ભરી વિનંતી કરેલી કે 'મોટા, મામાને મટાડી દોને.' શ્રીમોટાએ જવાબમાં કહેલું કે 'ભઈલા, મારામાં તો કશું દૈવત નથી. જો હોય તો એના નામનો પ્રતાપ છે, પણ તમે અને તમારા કુટુંબે મારા પ્રતિ જે અપાર પ્રેમ દાખવ્યો છે તેના ઋણરૂપે તમારી વિનંતીને માન આપીને **એટલું કહું છું કે જો મામાનો દેહ પડશે તો મારો દેહ પણ પડશે.** જો પ્રભુને હજુ મારી દ્વારા કામ કરાવવાનું બાકી હશે તો મને જિવાડશે અને સાથે સાથે આ માંદગીમાંથી મામા પણ જીવશે અને જો મામા નહિ હોય તો આ દેહ પણ નહિ હોય.' તે પછી મામાને અમદાવાદ લઈ આવ્યા અને ગોવિંદપ્રસાદ વૈદ્યની દવાના માધ્યમથી મામા જીવી ગયા. ત્યારબાદ મામા ૧૪ વર્ષ જીવ્યા અને વિના માંદગીએ સહજપણે મૃત્યુ પામ્યા.

'જન્મમૃત્યુના રાસ', પાંચમી આ., પૃ. ૫૮-૬૪ ❑

## (૯) સિદ્ધ રસાયન-કલ્પ

મકરંદ દવે

*(સોરઠી સંજીવક **શ્રી જગજીવન બાપુ**ના જીવન અને કાર્ય અંગે ડૉ. મીનળ વૉરાએ લગભગ ૮૦૦ પાનાંના લખેલ સદ્‌ગ્રંથના પ્રારંભમાં શ્રી મકરંદ દવેનાં લખાણમાંથી આ પ્રસ્તુત છે-સં.)*

સિદ્ધ યોગીઓની જીવનકથા સાંગોપાંગ લખવી લગભગ અશક્ય છે. વ્યક્ત જગતમાં તેમનાં વિચાર, વાણી, વર્તન પ્રગટ થાય એ તો ગોમુખથી ગંગાસાગર ભણી વહેતી ગંગાના એકાદ ઘાટ જેવાં હોય છે. એમાં અવગાહન કરવાથી પાવન થવાય પણ પાર ન પામી શકાય. સિદ્ધયોગીની જીવનગંગાનું મૂળ અનંતશયન વિષ્ણુનાં ચરણમાં હોય છે, પ્રાગટ્ય અચિંત્ય ગહન શિવજટામાંથી હોય છે અને એનાં વહેણનો વિસ્તાર ત્રિલોકવ્યાપી હોય છે. તો પછી જેને ભાષા પકડી ન શકે, અને સમજણ પારખી ન શકે એને લખાણમાં ઉતારવાનો અર્થ શો ? આ બધો મિથ્યા વ્યાયામ ન બની જાય ?

ના, મનુષ્યના હૃદયમાં એક ભાવસ્પર્શ જેવી વસ્તુ છે. વિષ્ણુને ચડાવેલું તુલસીપત્ર મુખમાં નાખવાથી કે શિવનિર્માલ્યને આંખે અડાડવાથી નથી તૃપ્તિ થતી, નથી ત્રીજું નેત્ર ઊઘડતું, પણ ભક્તના હૃદયમાં તે ભગવાનનું સાંનિધ્ય પામવાની ઝંખના જગાડે છે. એવી જ રીતે **સિદ્ધોની જીવનકથા જિજ્ઞાસુની ભૂખ ભાંગતી નથી પણ ભૂખ ઉઘાડે છે.** આમાં મુશ્કેલી એટલી જ છે કે સિદ્ધોનો જીવનમાં અવ્યક્ત જગતની શક્તિઓ ચમકતી હોય છે. એનાં કાર્ય-કારણને ન જાણવાથી તે ચમત્કારોનો ભંડાર બની જાય છે. ચમત્કારનું નામ પડતાં જ પદાર્થ-વિજ્ઞાનની પાઠશાળામાં ધમાલ મચી જાય છે. સિદ્ધોની જે સ્વાભાવિક ઘટના તેને કાં તો કપોળકલ્પિત અથવા પાખંડલીલામાં ખપાવી દેવામાં આવે છે. બુદ્ધિવાદી કહેવાતા વર્ગની આ હાલત છે, તો ભાવુક લોકો આ ચમત્કારિક ઘટનાને સાચી-ખોટી તરીકે ચકાસ્યા વિના જ માથે ચડાવે છે. **અંધબુદ્ધિ અને અંધશ્રદ્ધાના સાણસા વચ્ચે બિચારા સત્યનિષ્ઠ લેખકને પિસાવું પડે છે.**

લોકોની નજરે સિદ્ધોના જીવનમાં ચમત્કારનું પાસું એટલું મોટું બની જાય છે કે તેમના જીવનમાં પ્રગટતી અપાર કરુણા, અવિરત સેવા અને જાતને નામશેષ કરી નાખતી અહંશૂન્યતા તરફ ધ્યાન જતું નથી. **જગજીવન બાપુમાં સિદ્ધત્વનું ઉત્તુંગ શિખર દેખાય છે તો સાથે સાથે તેમની સેવાનો પટ પણ અત્યંત વિસ્તૃત છે.** સિદ્ધોની અતીન્દ્રિય શક્તિઓ કેટકેટલાં ક્ષેત્રમાં, કેટકેટલાં મનુષ્ય-પક્ષી-પશુ-વનસ્પતિ જગતનાં પ્રાણીઓને કેટકેટલી વિવિધ રીતે સહાય કરે છે એ પણ જોવું જોઈએ. સૂર્યના પ્રકાશથી અંજાઈ જવું તે એક વાત છે અને સૂર્યના અંતરતમ કેંદ્રમાં પ્રવેશ કરવો એ જુદી વાત છે. પોતાની અંદર જ રહેલા પ્રાણસૂર્યને જગાડ્યા વિના સાચી સિદ્ધિ અને સેવાભાવના પ્રાપ્ત થઈ શકતી નથી. **યોગીને જાણવા માટે યોગી બનવું રહ્યું.**

આ પુસ્તકને પાને પાને જોગજુગતી અને જગતસેવાની જુગલબન્દી ચાલી આવે છે. જગજીવનદાસમાં, જગતના જીવનસ્વામી એવા પરમાત્મા અને એના એકનિષ્ઠ દાસ એવા માનવના ઉત્તમ અંશો જોવા મળે છે.

શ્રી હીરાબહેન પાઠકે જગજીવન બાપુની યોગારૂઢ સ્થિતિ તથા સેવાભાવનાનું સુપેરે વર્ણન કર્યું છે. એટલે એ વિશે વધુ ન લખતાં હું **તેમને જ્યાં યોગદીક્ષા મળી હતી તે કલ્પદ્રુમ આશ્રમ તથા તેમને અપૂર્વ યોગસિદ્ધિ અપાવનાર કિરાતયોગ વિશે થોડું કહીશ.**

આ 'કલ્પદ્રુમ' આશ્રમનું વર્ણન કરતાં સિદ્ધ બાબાએ જગજીવનદાસને કહ્યું હતું :-

'આ સિદ્ધોની ભૂમિ છે. યોગીઓને પણ દુર્લભ એવું કલ્પદ્રુમ નામનું ગુપ્ત આશ્રમસ્થાન છે. મહાયોગીઓની ઇચ્છા વગર અનધિકારી જીવોને આવા ગુપ્ત આશ્રમો જડતા જ નથી. સાધકના આગમન-નિર્ગમનનો આધાર સિદ્ધના સંકલ્પને આધીન રહે છે.'

આ શબ્દોમાં કલ્પદ્રુમનું સ્વરૂપ શું છે અને તે ક્યાં આવ્યું તેની ઝાંખી થાય છે. **સિદ્ધગુરુનો સત્-સંકલ્પ એ જ કલ્પદ્રુમ બની રહે છે.** કલ્પદ્રુમ નામમાં પણ સર્વ ઇચ્છા પૂર્ણ કરનારી શક્તિનો સંકેત છે. આ કોઈ સ્થૂળ ભૂમિ નથી પણ સિદ્ધગુરુએ નિર્માણ કરેલી સૂક્ષ્મ પણ સઘન ભૂમિ છે. તેને અંતરીક્ષલોક પણ કહેવામાં આવે છે, કારણ કે તે 'અંતર+ઈક્ષ' 'અંતરેણ ઈક્ષ્યતે' છે. અંતરાત્માની ઈક્ષણશક્તિથી જ જોઈ શકાય છે. જેઓ સાધનાને વાણીનો વિલાસ કે મનનો ખેલ કરવા નથી માગતા પણ નાભિના પ્રાણ સુધી લઈ જઈ સમગ્ર જીવનને મૂળમાંથી પલટાવી નાખવા માગે છે, તેમને જ આ અલૌકિક આશ્રમમાં પ્રવેશ મળે છે. પોતાના જાનની બાજીથી ખેલનારા અનેક સાધકોનો આ જાતઅનુભવ છે.

જગજીવનદાસે કહ્યા પ્રમાણે કલ્પદ્રુમ આશ્રમમાં **સિદ્ધગુરુએ તેમને ત્રણ વસ્તુઓ પર વિજય મેળવવાનું શિક્ષણ આપ્યું હતું. અહંમુક્તિ, ભયમુક્તિ અને આત્મરક્ષામુક્તિ.** જ્યાં સુધી સૂક્ષ્મ અહંકાર છે, ભયની લેશમાત્ર લાગણી છે અને આત્મરક્ષા માટેની સહેજ પણ બચાવનારી છે ત્યાં સુધી ઈશ્વરી શક્તિનો સાક્ષાત્કાર થતો નથી. અહંકારના નાશ માટે 'અહંતાં જુહોમિ નમઃ સ્વાહા'નો નિરંતર જપ કરવાની ગુરુઆજ્ઞા હતી. ભયના નાશ માટે શરીર પર નાગ વીંટળાઈ જાય, કાળી રાતે કમંડલમાં જળ ભરવા મોકલવામાં આવે એવી ક્રિયાઓનું વર્ણન છે. આ ઉપરાંત, ઉચ્ચારશુદ્ધિ માટે ગુરુ દ્વારા જીભ પર કાપો મૂકવામાં આવે તથા નિદ્રા પર કાબૂ મેળવવા માટે ચીપિયાથી આંખનો ડોળો જ કાઢી નાખવામાં આવે. આવું વાંચતાં થાય કે મહાકૃપાળુ ગુરુની આ કેવી તો ક્રૂરતા ! અને શિષ્યની કેવી આકરી કસોટી ! ગુરુ દ્વારા ભસ્મ લગાડવામાં આવે કે તરત જ શિષ્યની બધી પીડા શમી જાય એ વાંચતાં રાહતની લાગણી આપણે અનુભવીએ. આત્મરક્ષા માટે ગમે તેવો અલૌકિક ઉપાય પણ ન કરવાની યોગિનીમાતાની દૃઢતા દેહભાવથી પર આત્મસ્થ અવસ્થા કેવી હોય તે સૂચવે છે. યોગિનીમાતાને સર્પદંશ થતાં ગુરુ તેમને ધૂણાની ભસ્મ દંશ પર ચોપડવાનું કહે છે પણ યોગિનીમાતા તેનીયે ચોખ્ખી ના પાડે છે.

**આ બધું શું સૂચવે છે ?**

કલ્પદ્રુમ આશ્રમમાં શિષ્ય સામે પ્રત્યક્ષ બનતી ઘટના ખરેખર સ્થૂળ ભૂમિકા પર ભજવાય છે કે તે માત્ર ચિત્તપ્રક્ષેપ છે ? સિદ્ધગુરુ શિષ્યના ચિત્તને અહંકાર, ભય અને આત્મરક્ષાના ઊંડા સંસ્કારોમાંથી મુક્ત કરવા માટે તેના ચિત્તમાં

ઇંદ્રિયગમ્ય અનુભવો ઉત્પન્ન કરે છે. આ સામાન્ય રીતે સ્વપ્નના અનુભવો જેવું છે. સ્વપ્નમાં ફળ આરોગવામાં આવે તે ફળ ખોટું પણ તેનો સ્વાદ સાચો. સ્વપ્નામાં વીંછી કરડે તે વીંછી ખોટો પણ વેદના સાચી જ્યારે જાગીએ ત્યારે જ ખબર પડે કે આ તો બધું મિથ્યા, પણ આ સ્વપ્ન અને જાગૃતિ બન્ને અહંજન્ય મૂર્છાવસ્થા જ છે. સાચી જાગૃતિ અહંકારના વિલયમાં છે, જેમાં નથી તંદ્રા, નથી મૂર્છા કે નથી મનની મરીચિકા. સિદ્ધાવસ્થા કે સહજાવસ્થાની જાગૃતિ એ જ ખરી જાગૃતિ છે. ગુરુએ જગજીવનદાસની જીભ પર કાપો મૂક્યો તે સાધારણ વાણીને પરાવાણીમાં પલટાવી નાખતી વાક્‌દીક્ષા છે અને ડોળો કાઢી નાખ્યો તે એક પ્રકારની દૃષ્ટિ-દીક્ષા છે. નૂતન વાણી અને નૂતન દૃષ્ટિ જગાડતી યોગદીક્ષા દ્વારા જ સિદ્ધાવસ્થા પ્રાપ્ત થાય છે.

સાધકને નવી વાણી અને નવી દૃષ્ટિ મળે ત્યારે શું થાય છે ? અત્યાર સુધી સાધનાની નિષેધાત્મક ક્રિયા જ જોઈ. હવે વિધેયાત્મક ક્રિયા જોઈએ તો એ કદંબપુષ્પ, કામદુધા ગાય અને ગુરુપાદુકાની પ્રાપ્તિમાં જોવા મળે છે. અહંકાર, ભય અને આત્મરક્ષા નાબૂદ થતાં જ આ ત્રણ અલભ્ય વસ્તુઓ ગુરુપ્રસાદીરૂપે પ્રાપ્ત થાય છે. કલ્પદ્રુમ આશ્રમમાં જગજીવનદાસે કદંબવૃક્ષો અને તેનાં ફૂલ જોયાં તેવાં પછી પૃથ્વીતલ પર ક્યારેક જોવા નથી મળ્યાં એમ તે કહેતા. ગુરુ તેમની પાસે બ્રાહ્મમુહૂર્તમાં જ કદંબપુષ્પોનો હાર યજ્ઞ-નારાયણને ધરાવવા માટે તૈયાર કરાવતા. કદંબવૃક્ષ કૃષ્ણને અત્યંત પ્રિય છે. કદંબમાં આનંદમયી, હલાદિની શક્તિનો નિવાસ છે. જાણે ફૂલને રોમાંચ થયા હોય એવા ઝીણા તંતુઓ પર કેસર-રજ સોહી ઊઠે છે. કદંબપુષ્પમાં એક જાતનો માદક રસ છે. ભમરા અને મધમાખોનાં વૃંદ આ રસનું પાન કરવા ટોળે મળે છે. કદંબનાં ફૂલોની સુગંધ પણ મનને મત્ત કરી દે છે. જ્યારે આખું કદંબવન જ આવાં રસ અને સુગંધથી દ્રવતું હોય ત્યારે તેના પ્રભાવની વાત શી કરવી ? અહંવિલય તો ત્યારે મહાઆનંદનો ઉત્સવ બની રહે છે. કદંબનાં ફૂલોમાંથી એક જાતનો આસવ બને છે. તેને ‘કાદંબરી’ કહેવામાં આવે છે.

કદંબની શક્તિ એ ભગવતી ત્રિપુરાનું જ એક સ્વરૂપ છે. કદંબવનમાં વિચરતી, કદંબવનમાં વસતી, કદંબવનના નિવાસમાં રહેતી અને કદંબવનની મધ્યમાં જ કનકમંડળ પર વિરાજતી શક્તિનું વધુ ને વધુ નિકટ લઈ જતું દર્શન છે. ભગવતી ત્રિપુરા જેમ ત્રિલોકની સ્વામિની તથા તેથીયે પર લોકાતીતની શક્તિ છે એવું જ દર્શન કાદંબિનીનું છે. ૐની ત્રણ માત્રા અ, ઉ, મ તથા તેથી પર ચતુર્થ તુરીય માત્રાનું તે સાકાર સ્વરૂપ છે. શંકરાચાર્ય આ જ સ્તવનમાં કહે છે કે, આ મહાશક્તિ યોગના છ પદ્મમાં વસે છે અને સિદ્ધજનોની તો તે સાતત્ય ધરાવતી સદાયે દ્યુતિમાન વિદ્યુત છે. સિદ્ધજનોમાં જ્ઞાન, ઐશ્વર્ય, આનંદરસના જે ચમકારા જોવા મળે છે, તે આ મહાશક્તિનું જ વરદાન છે.

કલ્પદ્રુમ આશ્રમમાં રહેલાં યોગિનીમાતા આ મહાશક્તિનાં સાકાર સ્વરૂપ લાગે છે. તેમને સિદ્ધયોગીની ભસ્મ-વિભૂતિની પણ જરૂર નથી. યોગીરાજની કઠિન સાધના-પરીક્ષા અને યોગિનીમાતાના વાત્સલ્યની અમીધારાથી જગજીવનદાસ યોગારૂઢ અવસ્થાને પામી શક્યા.

યજ્ઞવેદી આસપાસ કદંબપુષ્પોની પાંખડીઓ ગોઠવી રંગોળી રચના અને યજ્ઞનારાયણ માટે કદંબપુષ્પોનો હાર પરોવતા જગજીવનરામને કાદંબિની શક્તિ દ્વારા બ્રહ્માનંદની દીક્ષા મળી. એવી જ રીતે કામધેનુનાં દર્શન, આપમેળે સ્રવતા દૂધમાંથી ગુરુએ બનાવેલા પેંડાની પ્રસાદી અને કામધેનુનું છાણ મેળવી બનાવેલા છાણામાંથી પેટાવેલા અગ્નિ દ્વારા જગજીવનદાસને બ્રહ્મજ્ઞાનની સ્ફુરણા થવા લાગી. ગોરક્ષનાથે કામધેનુને માટે ગગન-મંડળમાં વસતી પરાવાણી કહી છે. મોટે ભાગે સાધારણ ગુરુઓ અને શિષ્યો વચ્ચે શબ્દાત્મક જ્ઞાનનો વિનિમય થતો હોય છે. સિદ્ધગુરુઓ યોગ્ય શિષ્યોને દશ્યાત્મક જ્ઞાન દ્વારા આત્મિક અનુભૂતિના ક્ષેત્રમાં લઈ જતા હોય છે. આ દશ્યાત્મક યોગકળાને પશ્ચિમના સાધકો 'આર્ટ ઑફ વિઝ્યુઆલિઝેશન' કે 'આર્ટ ઑફ સીઈંગ' કહે છે. તેના પરથી 'વિઝનરી' અને 'સીઅર' શબ્દ થયા છે. આ 'વિઝન' કે 'સીઈંગ'ના અનેક જાતના પ્રયોગો છે, પણ તેની વિગતમાં ઊતરવાની અહીં જરૂર નથી.

જગજીવનદાસ કામધેનુને ધારે ત્યારે જોઈ શકતા નથી, દોહી શકતા નથી, છાણ પણ ધેનુની સ્વેચ્છાએ પડ્યું હોય એ ક્યારેક મેળવી શકે છે. આ બધું શું બતાવે છે ? જગજીવનદાસ પોતાની કલ્પનાથી કે ઇચ્છાથી કશું કરી શકતા નથી. આ વિશ્વ તેમની મનોમય સૃષ્ટિની રચના નથી. તેમને કામધેનુની કૃપા માટે પ્રતિક્ષા કરવી પડે છે અને ગુરુ દ્વારા વિજ્ઞાનમય સૃષ્ટિનો ઉઘાટ થાય ત્યારે જ તેમને અમૃતતુલ્ય દૂધ અને યજ્ઞવેદીના દિવ્યાગ્નિ માટે છાણ મળે છે. ભગવાને ગીતામાં નવમા અધ્યાયના પ્રારંભમાં જ કહ્યું :

**'ઈદં તુ તે ગુહ્યતમં પ્રવક્ષ્યામ્યનસૂયવે, જ્ઞાનં વિજ્ઞાનસહિતં યજ્જ્ઞાત્વા મોક્ષ્યસેઙશુભાત્'**

'હે અસૂયારહિતા અર્જુન, તને હું આ પરમ ગોપનીય જ્ઞાન વિજ્ઞાનસહિત કહું છું, જેને જાણીને તું અશુભમાંથી મુક્ત થઈ જઈશ.'

જ્ઞાન સિદ્ધાંત છે, થિયરી છે. વિજ્ઞાન એ સિદ્ધાંતનું સદશ્ય 'પ્રૅક્ટિકલ' સ્વરૂપ છે. જ્યાં સુધી જ્ઞાન પ્રયોગાત્મક નથી થતું, અનુભવમાં નથી આવતું, ત્યાં સુધી તે કોરું શાબ્દિક જ્ઞાન રહે છે. જીવનનું મૂળભૂત કાયાપલટ કરી નાખતું જ્ઞાન જ સાચું જ્ઞાન છે. જગજીવનદાસને ગુરુએ આવા પ્રાણવાન, ચેતનવંતા જ્ઞાન-વિજ્ઞાનથી વિભૂષિત કર્યા. ગુરુએ પોતાની પાદુકા શિષ્યને આપી. પોતાની સ્થિતિ, ગતિ, 'પવનપાવડી' શિષ્યને સોંપી દીધી. ગુરુની ચેતના શિષ્યના જીવનનું ચાલકબળ બની ગઈ.

કલ્પદ્રુમ આશ્રમમાં અપાતા શિક્ષણ વિશે જગજીવન બાપુએ કેટલીક વાતો કરી છે, તેમાં કિરાત-યોગની વાત આવે છે. તેમણે કહેલું કે ગુરુએ તેમને કિરાતધૌતિ શીખવી હતી. આ ધૌતિક્રિયાનો દીર્ઘકાળ સુધી અભ્યાસ કરવામાં આવે તો આકાશગમન શક્ય બને છે. કિરાત-કુંભક વિશે પણ તેમણે કહેલું કે તેનાથી શરીર ગમે તેવા તેજોરાશિને ઝીલવા સમર્થ બને છે અને પરકાયા પ્રવેશ પણ થઈ શકે છે. આ કિરાત-યોગ વિશે થોડું જાણી લઈએ.

ભગવાન શિવે કિરાતનું રૂપ ધારણ કરી જે યોગવિદ્યા પ્રગટ કરી તે કિરાત-યોગ મહાભારતમાં (આરણ્યક પર્વ, અધ્યાય ૪૧, શ્લોક ૭-૧૩) અર્જુન પાશુપતાસ્ત્રની પ્રાપ્તિ માટે જાય છે, સાધના કરે છે અને અંતે કિરાત

વેશધારી શિવ સાથે યુદ્ધ કરી તેમની કૃપાથી પાશુપતાસ્ત્રની પ્રાપ્તિ કરે છે. તેમાં રૂપક દ્વારા આ યોગનું વર્ણન છે. મત્સ્યેન્દ્રનાથે 'કુલાનંદ તંત્ર'માં આ યોગનું વેધજ્ઞાન દર્શાવ્યું છે, પણ તેની વિસ્તૃત વિચારણાને માટે અહીં અવકાશ નથી. કિરાતધૌતિ દ્વારા જે આકાશગમન થાય છે તે અંગે મત્સ્યેન્દ્રનાથનું એક કથન છે...

'મહાનાડી કુંડલિની દ્વિદલ કમલ ભેદીને મૂર્ધાસ્થિત સહસ્રારમાં જાય છે ત્યારે વીરભાવથી યુક્ત સાધકે તેના પ્રજ્વલિત સ્વરૂપનું ધ્યાન કરવું જોઈએ. આ ધ્યાનબળથી તે સર્વશક્તિમાન બની આકાશગમન કરી શકે છે. આ જ્ઞાન જે ઝીલી કે જીરવી ન શકે તેને આપવું નહિ.'

મસ્તકમાં રહેલા સહસ્રારને ગગન કહેવામાં આવે છે. તે ચિદ્‌ગગન કે ચિદાકાશ છે. યોગીને બાહ્ય આકાશમાં ઊડતો કલ્પવો એમાં ચમત્કારિક સિદ્ધિ દેખાતી હશે પણ જેને બાહ્ય અને અંતર એવા ભેદ નાશ પામ્યા છે તેને આવા ઉડ્ડયનની જરૂર શી ? જ્ઞાન ક્યાંયે કોઈ દેશ કે કાળમાં બહાર નથી અને બદ્ધ નથી. તેને માટે આવા ચમત્કારો બાલીશ મનના ખેલ લાગે છે. 'કિરાત-યોગ'માં આવા ખેલકૂદને સ્થાન નથી. આત્મસિદ્ધિના સર્વોચ્ચ શિખર પર લઈ જતું તે મહાજ્ઞાન છે. કોઈક વિરલા જ તે પામી શકે છે. 'કિરાત-કુંભક' આવી જ યોગસિદ્ધિનું દર્શન કરાવે છે.

કિરાત એટલે ભીલ. બાણાવળી ભીલ ધનુષની દોરી પર તીર ચડાવી કાન સુધી પણછ ખેંચે છે ત્યારે ધનુષ મંડલાકાર બની જાય છે, તીરનું ફળું છેક ધનુષદંડને અડી જાય છે અને પછી તે તીર છોડે છે તો સનનન કરતું દૂરના લક્ષ્યને વીંધી નાખે છે. પણછ જેટલી પાછળ તેટલી જ તીરની ગતિ વેગીલી અને દૂર જનારી. આવી જ ઘટના કિરાત-કુંભક સાધેલા યોગીના શરીરમાં બને છે. નાભિનો મહાપ્રાણ ખેંચાઈને મેરુદંડને અડી જાય છે, જાણે નાભિ અને મેરુ એક થઈ ગયા હોય એવી રીતે શક્તિનું સંચાલન થાય છે. પછી જેમ તીર છૂટે એમ વિસ્ફોટ થાય છે અને મહાપ્રાણ અતિ વેગથી મૂર્ધા ભણી ગતિ કરી સહસ્રારમાં સમાઈ જાય છે. એ સ્થિતિનું વર્ણન કરવું અશક્ય છે. **જીવ સાક્ષાત્ શિવ બની જાય છે.**

પ્રાચીન કિરાત-યોગને પુનર્જીવિત કરવામાં બૌદ્ધ પરંપરાના શબરપાદ અને શૈવ પરંપરાના મત્સ્યેન્દ્રનાથનું પ્રમુખ સ્થાન છે. કિરાત-યોગ, શાબરી-વિદ્યા પણ ગણાય છે.

જગજીવનબાપુના જીવનમાં જે ઔષધજ્ઞાન, વૈદ્યકીય નિપુણતા તથા યોગવિભૂતિઓ પ્રગટ થઈ તેના મૂળમાં સિદ્ધ-પદ્ધતિની સાધના છે, અને ટગલી ડાળે ગુરુકૃપાનું અમૃતફળ ઝૂલે છે. અનેક લોકોને આનો લાભ મળ્યો છે અને ભવિષ્યમાં મળતો રહેશે. સિદ્ધોનું જીવન ભૂતકાળનાં સ્મરણો માટે કે ભવિષ્યનાં સ્વપ્નાં માટે નથી હોતું. એ તો નિત્ય સનાતન અસ્તિત્વની ઝાંખી કરાવવા માટે હોય છે. મીનળબહેને અથાક મહેનત કરી આ સિદ્ધ રસાયનને અક્ષરના કૂપામાં આપણે માટે સંઘરી આપ્યું છે. એનું સેવન કાયાકલ્પ કરી નાખે એવું છે. ત્રિવિધ તાપથી બળતા જગમાં આ અમૃત-રસાયનથી નવું જીવન પાંગરો એ પ્રાર્થના.

'સોરઠી સંજીવક શ્રી જગજીવન બાપુ'ની પ્ર.આ.માંથી સાભાર

❑

# (૧૦) શ્રીઉપાસની જીવનકળા : ચોથી આવૃત્તિનું પ્રકાશન : પૂર્વભૂમિકા (૧)

પ્રભુદાસ જાની

*(પૂજ્ય શ્રીમોટાના 'આત્મકથન' સ્વરૂપે પ્રકાશિત* ***'ભગતમાં ભગવાન'****થી સ્વજનવર્ગ વાકેફ છે. એ પ્રકાશન માટેની જે પૂર્વ તૈયારીઓ - પૂર્વભૂમિકા હતી તેની વિગતો 'હરિભાવ'ના માહે ઑગસ્ટ ૨૦૧૪.....ના અંકમાં પ્રકાશિત કરાયેલ છે. તેનાથી પ્રેરાઈને 'શ્રીઉપાસની જીવનકળા'ની ચોથી આવૃત્તિનું જે પ્રકાશન સને ૨૦૦૪માં થયેલું તેની વિગતો આલેખવાની ભાવના થતાં, સૌપ્રથમ તેની પૂર્વભૂમિકાનું આ લખાણ છે. આખરી પ્રકાશન થતાં સુધીના પંથની માહિતી 'જેમ બની તેમ' એ રીતે ક્રમશઃ લખાવની ભાવના છે.)*

ખેતી બૅંક અમદાવાદમાં મારી સર્વિસ દરમિયાનના મારા એક સાથી શ્રી જયંતભાઈ પી. પંડ્યા સદ્‌વાંચનની રુચિ ધરાવતા હતા. પૂજ્ય શ્રીરંગઅવધૂત પરિવાર સાથે તેમ જ મોટેરા-સાબરમતીના શ્રીસદાશિવ આશ્રમ પરિવારના પણ તે સભ્ય હતા. તેઓશ્રી એમ. જે. લાઈબ્રેરીમાંથી પુસ્તકો વાંચવા માટે લાવતા હતા. ક્યારેક મને પણ એ વાંચવા આપતા હતા.

એક વખત તેઓ જે પુસ્તક લાવ્યા હતા તેમાં જુદા જુદા સાધુસંતોના જીવન અંગે લેખો હતા. એ પુસ્તક હું મારા નિવાસે વાંચવા લઈ ગયો હતો. મારાં ધર્મપત્ની સદ્‌ગત જશોદાને પણ સદ્‌વાંચનની રુચિ હોવાથી તેઓએ તે પુસ્તક વાંચેલું. એક સાંજે હું ઑફિસથી ઘેર પહોંચ્યો ત્યારે એ પુસ્તકમાંના **શ્રીઉપાસની મહારાજ**ના લેખ અંગે મને વાત કરી. એ લેખમાં પૂજ્ય શ્રીઉપાસની મહારાજનું એક કથન હતું કે મારા પાંજરાના જે કોઈ દર્શન કરશે તેનો પણ ઉદ્ધાર થશે. આ વાક્ય મને ખાસ વંચાવ્યું અને કહ્યું કે, 'મારે આ પાંજરાનાં દર્શન કરવાં છે.' શ્રીઉપાસની મહારાજ અંગે પૂજ્ય શ્રીમોટાના જીવનમાં જે પ્રસંગો નોંધાયા છે, તેથી વિશેષ કોઈ જાણકારી અમને નહોતી.

હરિઃૐ સત્સંગ મંડળ, અમદાવાદ સાથે અમો સીધા સંકળાયેલ નહિ, પરંતુ તે સંસ્થાનાં જે સક્રિય સ્વજનો હતાં તેમની સાથે સદ્‌ભાવભર્યા સંબંધો હતા. એ મંડળે એક પ્રવાસનું આયોજન કર્યાની અમને જાણ થઈ. તેમાં અન્ય સ્થળો ઉપરાંત, **શ્રીઉપાસનીબાબાના સ્થાન સાકુરીનો સમાવેશ થયો હતો.** એટલે અમે અમારી બે ટિકિટ બુક કરાવી, પરંતુ જ્યારે પ્રવાસની તારીખો નજીકમાં આવી ત્યારે મારાં ધર્મપત્નીની તબિયત બગડતાં પ્રવાસમાં નહિ જવાય એમ લાગવાથી પ્રથમ તો અમે અમારાં બાળકોને વિનંતી કરી કે ટિકિટો કૅન્સલ કરાવવાના બદલે બે બાળકો યાત્રા કરી આવે. પંઢરપુર, શીરડી વગેરે સ્થાનોનો તેમાં સમાવેશ હતો, પરંતુ બાળકો તૈયાર ન થયાં.

સત્સંગ મંડળના સ્વજન સદ્‌ગતશ્રી સુશીલાબહેન અમીન, સદ્‌ગતશ્રી કુમુદ ફોઈ વગેરેએ અમને પ્રોત્સાહન આપ્યું. નવભારત ટ્રાવેલ્સની બસમાં આખી યાત્રાનું આયોજન હતું. પૂજ્યશ્રીબાબાની જ પ્રેરણા હશે અને અમે પ્રવાસમાં જોડાયાં.

એક સાંજના સમયે અમે યાત્રિકો સાકુરી સ્થાનકે પહોંચ્યાં હતાં. નવભારત ટ્રાવેલ્સનો સ્ટાફ યાત્રિકો માટે ચા-નાસ્તાની વ્યવસ્થા કરે તે દરમિયાન ટૂંકા રોકાણમાં અમે સૌ શ્રીઉપાસની સંસ્થાનમાં દર્શન માટે પહોંચી ગયાં. પૂજ્ય શ્રીગોદાવરીમાનાં દર્શન માટે બધાંની ઈચ્છા હતી. કોઈકે કહ્યું કે હમણાં શ્રીસદ્‌ગુરુ સમક્ષ

દીપ પ્રગટાવવા માટે પોતે પધારશે. એટલે અમે થોડીક રાહ જોઈ. માતાજીનાં અને ખાસ તો જે વિચારે અમને પકડ્યા હતા તે પાંજરાના પણ દર્શન કર્યા. પૂજ્ય શ્રીમોટા જ્યારે સાકુરી ગયા હતા ત્યારે શ્રીબાબા પોતે પાંજરામાં પુરાયેલ સ્થિતિમાં હતા. શ્રીમોટાને પાંજરાની સામે બેસાડી જે ક્રિયાઓ કરી હતી, તેનાથી સ્વજનો વાકેફ છે. અમે એ પ્રસંગોને યાદ કરી દર્શન બાદ બહાર નાસ્તા માટે આવ્યાં.

સાંજ પડી ગઈ હતી. જશોદાને મનોમન વિચાર આવ્યો કે બાબાનું સાહિત્ય મળે એવી કોઈ દુકાન કેમ નથી ? તપાસ કરતાં એક નાની દુકાનમાંથી બાબાનું સાહિત્ય મળે તેમ હતું. જશોદાના મુખેથી શબ્દ નીકળેલો કે આપણે શ્રીબાબાનું બધું સાહિત્ય ખરીદી લો. હવે શું શું સાહિત્ય છે અને તેની કિંમત કેટલી છે એ વિશે અમને કશી જ જાણ ન હતી. વળી, અમારી પાસે નાણાકીય જોગવાઈ પણ ન હતી. અમારા સહયાત્રિક સદ્‌ગત શ્રી પ્રહ્‌લાદભાઈ પંચાલે મને કહ્યું કે જાની તમારે જે પુસ્તક ખરીદવાં હોય તે ખરીદી લો. તેની જે કિંમત હશે તે હાલ હું તમને આપીશ. પછી અમદાવાદ જઈને તમે એ રકમ મને પરત આપી દેશો.

દુકાનદારે કહ્યું કે **શ્રીઉપાસની જીવનકળા અને તેમનાં પ્રવચનોના શ્રીઉપાસની વાક્‌સુધાના ભાગ ૧ થી ભાગ-૫ એટલું સાહિત્ય મળશે. અમે એ ખરીદી લીધું.**

યાત્રામાંથી પરત થયા પછી અનુકૂળતાએ સૌ પ્રથમ **‘શ્રીઉપાસની જીવનકળા’** વાંચવાની મેં શરૂઆત કરી હતી. શ્રીબાબાના જીવનના પ્રસંગોનું વર્ણન વાંચતાં આનંદ-ઉત્સાહ અનુભવાતો હતો. શ્રીસાંઈબાબાએ શ્રીઉપાસની મહારાજનું જે પ્રકારે ઘડતર કર્યું એ પ્રસંગો પણ અદ્‌ભુત હતા.

પૂજ્ય શ્રીમોટા પાસે મને પ્રથમ વખત લઈ જનાર મારા બાલસખા-સ્નેહીમિત્ર સદ્‌ગત શ્રી સુરેશભાઈ સંત એ સમયે સ્ટેટ બૅંક ઑફ ઇન્ડિયાની કેનેડાની ટોરન્ટો બ્રાન્ચમાં મૅનેજર તરીકે ગયા હતા. મેં હવાઈમાર્ગે એ પુસ્તક એમના વાંચન માટે મોકલ્યું. તેમનો પણ પ્રતિભાવ હતો કે અદ્‌ભુત ગ્રંથ છે અને હાથમાંથી નીચે મૂકવાનું મન થતું નથી. તે બાદ તેઓએ ગ્રંથ મને પરત મોકલ્યો હતો.

દરમિયાનમાં ‘હરિભાવ’ના પ્રકાશન સાથે મારે સંકળાવાનું નિમિત્ત મળેલું. જેથી શ્રીઉપાસની જીવનકળા અને શ્રીઉપાસની વાક્‌સુધામાંથી પસંદગીના લેખો ‘હરિભાવ’માં લેતા હતા. આ કાર્યની સાથે ડૉ. રમેશ ભટ્ટ અને શ્રી કમલેશ શેઠ સાથે મારે **‘ભગતમાં ભગવાન’**ના પ્રકાશ સાથે સંકળાવાનું બન્યું હતું. તેમાંથી કોઈ ધન્ય પળે **મને વિચાર આવ્યો કે ‘શ્રીઉપાસની જીવનકળા’નું પુનઃપ્રકાશન થાય તો સારું.** આ વિચારને શ્રીહરિકૃપાથી જે સાનુકૂળ સંજોગો મળતા થયા તેની વિગતો હવે પછી (ક્રમશઃ) ❑

**ગયેલા આત્માને**

**પૂજ્ય શ્રીમોટાના સ્વજન વડોદરા નિવાસી શ્રી અમૃતભાઈ વિઠ્ઠલભાઈ પરમારનો તા.૨૩-૮-૨૦૧૭ના રોજ દેહાંત થયો છે. સદ્‌ગતશ્રીના ગતાત્માનું શ્રીહરિ કલ્યાણ પ્રેરે એવી પ્રાર્થના છે.**

**- સંપાદક**

# (૧૧) લેખનકાર્ય માટે શ્રીમોટાનું પ્રોત્સાહન

શ્રી બાબુ સરકાર

નાનપણથી મને નોવૅલ, વાતો વાંચવામાં બહુ રસ પડતો. તેમાંથી માનવવૃત્તિ, પ્રકૃતિ અને ચારિત્ર પરખાય. મારા એક અંગ્રેજી અધ્યાપકે એ ખૂબી અમને શિખવાડી હતી.

તેમાંથી મને વાર્તા, નવલકથા લખવાનો શોખ જાગ્યો. એક મૅગેઝિન Kahaniya મારી વાતો છાપતું. એક વાર્તામાં મને રૂ. ૫ મળતા, પછી તંત્રીએ રૂ. ૧૦ આપવાનું શરૂ કર્યું. પૂ. મોટાને મારી બધી વાર્તાઓ સુરત અથવા નડિયાદ મોકલતો, પરંતુ ત્યાં તેમને વાંચવાની ફુરસદ નહોતી મળતી. તે બધી વાર્તા મદ્રાસ લઈ આવતા અને પલંગ ઉપર સૂતાં-સૂતાં, નીચેથી ધીમા તાપનો શેક લેતાં લેતાં મારી બધી વાર્તાઓ વાંચી જતા.

મને એક બે સૂક્ષ્મ સૂચનાઓ પણ આપી હતી. ગમે ત્યારે જે વિચાર સ્ફુરે તે લખી નાખવો. ખાસ કરીને સૂતા પહેલાં જ્યારે આપણું sub-conscious જાગ્રત થવાની તૈયારી હોય ત્યારે તે વિચાર બેઠા થઈને નોંધી લેવો, જવા ન દેવો.

આનું પરિણામ એ આવ્યું કે મારી યાદશક્તિ ખૂલી ગઈ. અને મને અમુક સૂચક સ્વપ્નો પણ આવતા. તે થોડે અંશે સાચા પડતા. મને એક બે મારા પૂર્વ જન્મ પણ સ્વપ્નામાં દેખાણા.

આગળ જતાં મને કાવ્યમાં રસ જાગ્યો. અંગ્રેજીમાં નાની કવિતાઓ લખવાનું શરૂ કર્યું. પછી અંગ્રેજી કવિયોને એકબીજા અધ્યાપકની મદદથી વાંચ્યા—milton, wordsworth, keats, shelley, omar khayyam પછી શ્રીઅરવિંદની સાવિત્રીની શરૂઆત કરી. બે પાનાં વાંચતા માનસિક થાક લાગે. પૂ.મોટાની સૂચના હતી તે 'શ્રીઅરવિંદ'ને વાંચીને પછી મારાં પુસ્તકો વાંચજે. પહેલા મારું 'જીવનદર્શન' વાંચજે અને લખવાનું ચાલુ રાખજે.

મારા પિતાશ્રીના મિત્રને એ ઠીક ન લાગ્યું. વ્યાપારી માણસને વળી shakespeare અને milton વાંચવાની શી જરૂર ?

B.com પરીક્ષા આપ્યા બાદ હું presidency college માંથી M.A.Literature નું college application from લઈ આવ્યો. પરંતુ પછી બૅંકની નોકરી, પિતાશ્રીનો ધંધો એ બધાએ મારા જીવનનો પ્રવાહ બદલી નાખ્યો.

મેં એક નાની કવિતાની ચોપડી છાપીને મારા અધ્યાપકને આપી. I shell cherish this book very much. You are my only student to write a book of uerses. તેમણે બીજી એક વાત મને કહી. Even in 1950 Narayan told me this boy will do something in life.

આજે લગભગ ૨૦ ડાયરી—જે મને ભેટ મળી L.I.C.ની, બીજી કંપનીઓની—કવિતા લખીને એક મારા મિત્રને આપી દીધી છે. એનો અડધો બેડરૂમ ડાયરીઓથી ભરાઈ ગયો છે. તેમની પત્ની કહે કે ચાલવાની પણ જગ્યા નથી રહી, પરંતુ એ મિત્ર અને તેમની દીકરી રોજ એક બે કવિતા વાંચે છે અને મને યાદ કરે છે. એમણે મારી કવિતાઓ છાપવા માટે દૈનિક પત્રોમાં કોશિશ કરી, પરંતુ public ને આમાં રસ નથી. મેં લગભગ ૮૦૦૦ ઉપર કાવ્યો લખ્યાં છે.

પૂ.મોટાના psychic contact ને લીધે ઘણા ઊંચા આધ્યાત્મિક વિચારો કવિતાના રૂપમાં લખેલા છે. વિવેકાનંદ, રમણ ભગવાન, રામકૃષ્ણ પરમહંસ, સાંઈબાબા વગેરેના, પરંતુ વાંચનાર વર્ગ—અને તે પણ સમજનાર વર્ગ એક microscopic minorityમાં છે.

હું તો મારા પોતાના આનંદ માટે લખું છું. આ એક સાધના પદ્ધતિ—પૂ.મોટાના કહેવા મુજબ મારે માટે છે. જેઓ મને એક મિત્ર ગણે છે. શિષ્ય નહિ. ❑

## (૧૨) લગ્નવિધિ અંગે

**શ્રીમોટા**

*(લગ્નવિધિના પ્રારંભમાં પૂજ્ય શ્રીમોટાએ અગ્નિ, કંકુ, ચોખા અને નાડું વગેરેનાં પ્રતીકો સમજાવ્યાં છે. ત્યાર પછી લગ્નવિધિ થતાં થતાં વચ્ચે લગ્ન શું છે, લગ્નની ભાવના, સપ્તપદી, મંગળફેરા વિશે સમજૂતી આપી છે. ક્યારેક શ્લોકોના અર્થો વધારે સ્પષ્ટ કર્યા છે.)*

...પહેલાં વેદી છે. વેદીને ચારબાજુ અને ચાર ખૂણા છે. તે ચાર દિશાના ચાર ખૂણા સૂચવે છે. તેની બહાર દેખાતાં પગથિયાં ત્રિગુણાત્મક પ્રકૃતિનાં સૂચક છે અને વેદીની ઊંડાઈ એ જીવનની ગૂઢતા અને ગહનતા દર્શાવે છે. એમાં પ્રગટાવેલો અગ્નિ એ જ્ઞાન (પ્રકાશ) અને ગરમી (શક્તિ)નો દ્યોતક છે. એ પ્રગટ દેવ છે. **જ્ઞાન અને શક્તિ વિનાનું જીવન એ જીવન નથી.** તેની ઉપર ચારેબાજુ એક એક પાન અને તે ઉપર એક એક સોપારી મૂકેલી છે. તે ગણપતિનું પ્રતીક છે. પછી એમાં અગ્નિ હોય છે. તે અગ્નિની એટલી બધી શી જરૂર ? અગ્નિ સર્વત્ર ફેલાયેલો છે. આકાશમાં આકાશ સાથે છે, તેમાં સૂક્ષ્મરૂપે અગ્નિ છે. તેજમાં તો અગ્નિ છે જ, અગ્નિસ્વરૂપ જ છે, વામાં પણ અગ્નિ છે, જળમાં પણ અગ્નિ છે, પૃથ્વીમાં પણ અગ્નિ છે, આપણા શરીરમાં પણ અગ્નિ છે. આપણા લોકોએ એટલે કે અસલના લોકોએ જોયું કે અગ્નિ બહુ ઉપયોગી છે. અગ્નિ વિના માણસ ક્ષણવાર પણ જીવી શકે નહિ. માટે તે પરમેશ્વર છે, દેવ છે, શક્તિ છે.

...અગ્નિ એ શક્તિ છે. તેને ચેતતો રાખવો જોઈએ, પણ ચેતતો રાખવા માટે તેને આહુતિ આપવી જોઈએ. આહુતિ આપીએ તો જ ચેતતો રહે. તમે તેને શેની આહુતિ આપશો ? કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર, રાગદ્વેષ, અહં આદિની આહુતિ આપશો, તો આપણા જીવનમાં તે અગ્નિ ચેતતો, શુદ્ધપણે ચેતતો રહે. અગ્નિની જીવનમાં ઘણી આવશ્યકતા છે. રોમેરોમમાં અગ્નિ છે. આપણા શરીરમાં એ અગ્નિ શુદ્ધ ચેતનવંતો રહે માટે એને કામક્રોધાદિક, લોભમોહાદિક, રાગદ્વેષાદિક, અહમ્ આદિની આહુતિ આપ્યા કરશો. એટલા માટે આપણી સંસ્કૃતિમાં દરેક વિધિમાં અગ્નિને મહત્ત્વ આપેલું છે. તલ, જવ અને ઘઉં એનાં પ્રતીક છે.

...હવે કંકુનો ચાંલ્લો. ચૂનો અને હળદરથી કંકુ બને છે. ચૂનાના ગુણધર્મ જાણીતા છે. એ દઝાડે એટલો તેજ છે. એટલો જ દાઝેલાને શાતા આપનાર છે. હાડકાંને મજબૂત કરી શકે છે. હળદર લોહીને શુદ્ધ કરવાનું કામ કરે છે. આ બન્નેના મિશ્રણથી કંકુ થાય છે. કંકુ ત્યાગનું સૂચક છે અને લાલ રંગનું છે. જેમ આપણું લોહી લાલ છે. આ લોહી એકદમ આપણે ખોરાક ખાઈએ તેવું જ કંઈ બનતું નથી. કેટલુંયે છોડી દે છે. ખાઈએ, પેટમાં જાય, એમાં અનાજ સાથે બીજાં કેટલાંયે મિશ્રણ થાય, આાંતરડાંમાં જાય, તેમાંથી કેટલોક ભાગ કાઢી નાખે છે. ત્યાગ કર્યા કરે છે અને છેવટે શુદ્ધ સ્વરૂપે લોહી બને છે. તે કુમકુમનો રંગ લોહીના રંગ જેવો છે. એટલે તેને ત્યાગનું પ્રતીક માન્યું છે.

...અને ચોખા એ પુરુષાર્થ છે. તે પુરુષાર્થનું પ્રતીક છે. ચોખા શરીરને પુષ્ટ અને બળવાન બનાવનાર અનાજ છે. એનાથી મળતી શક્તિથી

પુરુષાર્થ પ્રેરવાનો છે. ત્યાગની ભૂમિકા પર પુરુષાર્થ હોય તો જ એકબીજા દીપે. એટલે આ જીવનમાં ત્યાગ અને પુરુષાર્થ બે રાખ્યા, તો તમે ફતેહ પામશો, એ સમજાવવા માટે આપણા આર્ય ઋષિઓએ આ પ્રતીક આપ્યું છે.

...પછી આ નાડાછડી કાચા સૂતરની છે. એ સ્નેહનું પ્રતીક છે. એની કોમળતા એટલી બધી છે કે તૂટે નહિ એ માટે ખૂબ જ સાવધ રહેવાનું છે. જરા એને તાણીએ તો તૂટી જાય. કાચા સૂતરને તાંતણે તમે બંધાઓ છો. આ સંસારમાં અનેક પ્રકારની મુશ્કેલીઓ આવશે, વિઘ્નો આવશે, યુદ્ધો આવશે, કોયડાઓ આવશે, સમસ્યાઓ આવશે, દુ:ખો આવશે, વિપત્તિઓ આવશે, પણ તમે બંધાયેલા છો નાડાથી. યાદ રાખજો કે તમે છૂટી ના જાઓ એટલા માટે આ નાડાછડી છે. આ સંસારમાં એવું બધું થવાનું. કોઈનું નહિ થાય એવું નહિ, બધાંયને થવાનું. પણ તમે ધીરજ રાખશો, સહિષ્ણુતા રાખશો, સમતા રાખશો, તટસ્થતા રાખશો, મૌન ધારણ કરશો, આપણને ગમે તે લડી બોલી ગયું હોય તોપણ તે વખતે શાંત રહેવું. મૌન ધારણ કરો તો ક્લેશ, કંકાસ વધતો અટકી જશે. એ વખતે મુલાયમ બનશો. આવા કાચા સૂતરને તાંતણે વરકન્યા ગંઠાય છે. આ નાડાછડી વરકન્યા તથા માતાપિતા પરસ્પરને બાંધે છે. એથી બધાં જ સ્નેહમાં પરસ્પર દઢ રહે એમ સૂચવાયું છે.

નહિ તો આ સંસારમાં ક્લેશ કંકાસથી જીવવું, તે તો ભયંકર છે, તે બદતર જીવન છે. એના કરતાં મરવું સારું. ક્લેશ કંકાસમાં જીવવું, એકબીજા પર વિશ્વાસ ન હોવો તે જીવવામાં મજા નથી.

...અગ્નિને પધરાવવા, પ્રગટાવવા માટે એની ભૂમિકા તૈયાર કરવા માટે ચંદન નાંખવામાં આવે છે. (અગ્નિના શ્લોકો).

જીવવું કોને ગણાય ? તેની વ્યાખ્યા શી ? જે જીવન ક્રાંતિને પ્રેરે, ક્રાંતિને પ્રેરનારું છે, તે જ જીવન કહેવાય.

...લગ્ન કોને કહેવાય? જીવનની ઉત્ક્રાંતિ થવાને માટે લગ્ન છે. છોકરાં પેદાં કરવાં નહિ, પણ જીવનની ઉત્ક્રાંતિ થવા, ઊર્ધ્વગામી થવા, ભગવાન તરફ જવા, ભગવાનનો અનુભવ મેળવવા માટે લગ્ન છે. અથવા જીવનના કોઈ આદર્શને માટે મરી ફીટવું એને માટે લગ્ન છે, પણ કામનાને પોષવા માટે લગ્ન નથી. આપણાં શાસ્ત્રો પણ એમ જ કહે છે કે સંયમને માટે લગ્ન છે.

**ગ્રહશાંતિ :** લગ્નવિધિના પહેલાં ગ્રહશાંતિની વિધિ છે. આપણા શાસ્ત્રીય કર્મકાંડોમાં 'ગ્રહો'ની શાંતિ માટે આ વિધિ રાખવામાં આવે છે. પણ ગ્રહદશા તો જીવદશાની ભૂમિકા પર છે. પણ અહીં જીવાત્મા આત્મશક્તિ, દઢ સંકલ્પ અને ઉત્કટ પુરુષાર્થ દ્વારા આત્મદશા અનુભવવા લાગ્યો છે. આથી, લગ્નજીવનની શરૂઆત કરતાં પહેલાં 'ગ્રહશાંતિ'નો સંકલ્પ વિધિ જરૂરી છે, કારણ કે ઘરમાં કોઈ પણ કિંમતે શાંતિ પ્રસન્નતા જળવાય તો જ તે ઘર કહેવાય.

**નારિયેળ :** એ જીવદશાનું પ્રતીક છે. માટે એનું સમર્પણ યજ્ઞકુંડના જ્ઞાનાગ્નિમાં કરવાનો વિધિ છે.

**મીંઢળ :** લગ્ન જેવા પ્રસંગમાં ખુશી, હર્ષ, ઉલ્લાસ, ઉમંગના ઊભરાઓથી હૃદયના ધબકારા વધી જાય છે. હાથે મીંઢળ બાંધવાથી હૃદયના ધબકારા કાબૂમાં રહે તેવો ગુણ મીંઢળમાં છે. આ

હેતુને ધ્યાનમાં રાખીને આપણા ઋષિ મુનિઓએ હાથે મીંઢળ બાંધવાનો રિવાજ પાડેલો.

**લગ્નની ભાવના :** લગ્નની પાછળ શી ભાવના રહેલી છે, તેના વિશે ચૌદ શ્લોકો છે, તે પણ પ્રતીકરૂપે છે. જીવનની ચૌદ ભૂમિકાઓ કહેવાય છે. કેટલાક સાત કહે છે અને કેટલાક ચૌદ કહે છે. હું ચૌદ ભૂમિકામાં માનું છું. તેથી ચૌદ ભૂમિકાના ચૌદ શ્લોકો લખ્યા છે, તે અનુષ્ટુપમાં છે. લગ્ન એકલા ભોગવિલાસ માટે નથી. એ તો તપ માટે જ છે. સમાજમાં દેશનું, પિતૃઓનું, ઋષિઓનું અને દેવનું ઋણ અદા કરવા માટેનું સાધન છે.

**ગુલાબ :** ગુલાબનું કેટલું સૌંદર્ય છે ! આ સૌંદર્ય સાથે તેમાં કાંટા પણ છે. આ કાંટાને પણ પ્રેમથી ભોગવી લેવા જોઈએ.

**સપ્તપદી :** લગ્નવિધિની અંદર સપ્તપદી બહુ મોટામાં મોટો ભાગ ભજવે છે. જે લગ્નમાં સપ્તપદી ન બોલાઈ હોય તે લગ્ન ન ગણાય. તેનું રહસ્ય છેક નીચેથી માંડીને ઉપર લઈ જાય છે. એ અંગેના શ્લોકોમાંનું રહસ્ય સમજવા જેવું છે.

**મંગળફેરા :** જીવનમાં ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચાર પગલાં છે. આપણા ઋષિમુનિઓએ ધર્મ અને મોક્ષની વચ્ચે અર્થ અને કામને મૂક્યા છે. અર્થ અને કામ એવાં રાખવાં કે જેથી ધર્મ અને મોક્ષ સચવાય. આ હેતુથી જ ઋષિમુનિઓએ અર્થ અને કામને ધર્મ અને મોક્ષની વચ્ચે મૂક્યા છે. આ ચાર ફેરાને મંગળફેરા કહે છે. એ પણ લગ્નવિધિમાં ખૂબ જરૂરના છે. આજે જીવનમાં અર્થ અને કામ બે મહત્ત્વના થઈ પડ્યા છે. ધર્મને કોઈ માનતું નથી અને મોક્ષની વાત તો ઠીક છે.

ધર્મ, અર્થ અને કામ—એ ત્રણમાં પ્રકૃતિ આગળ છે. જીવનમાં પ્રકૃતિ અને પુરુષ બન્ને છે. પુરુષ સુષુપ્ત છે. જ્યારે મોક્ષની સ્થિતિ આવે છે ત્યારે પુરુષ મોખરે રહે છે અને પ્રકૃતિ પાછળ રહે છે—ગૌણ બની જાય છે.

મંગળફેરા કરતાં પ્રથમ ત્રણ પગલાંમાં ધર્મ, અર્થ અને કામમાં કન્યા મોખરે રહે છે. ચોથું પગલું આવે ત્યારે પુરુષ મોખરે રહે છે. બધે તમે જોજો આ રિવાજ છે. ધર્મ, અર્થ અને કામ—આ ત્રણ ભૂમિકામાં કન્યા એટલે પ્રકૃતિ મોખરે રહે છે, જ્યારે મોક્ષની ભૂમિકામાં પુરુષ મોખરે રહે છે.

**કન્યાદાન :** કન્યા એવી કોઈ વસ્તુ નથી કે તેનું દાન કરાય. તે તો માતાપિતાનું એક અંગ છે અને આ સનાતન યજ્ઞ ચાલે છે, તેમાં દીકરી સ્વેચ્છાએ સમર્પિતા છે, એવી ભાવના છે.

આ વિધિ પછી વરકન્યા એકબીજાંને હાર પહેરાવે છે. તે દ્વારા એવો સંકેત કરાયો છે કે લગ્નજીવનને પુષ્પો જેવું કોમળ, સ્વીકારાત્મક અને સુગંધિત બનાવવાના એકબીજાંના સંકલ્પને બન્ને ઉમળકાથી ફળાવવા મથશે.

લગ્નસંબંધ એ પવિત્ર ભાવના છે. એ ભાવના એટલે તો પુરુષ પ્રકૃતિનો હૃદયથી સુમેળ સાધીને એ પરમ ચેતનને, પરમ તત્ત્વને જાણવું, સમજવું, અનુભવવું તે છે.

સૌ સામાન્ય પથે બધાં જગજનો
ચાલ્યા કરે તેમહીં
શો પુરુષાર્થ રહ્યો મહા ! રસ કશો,
તે જીવને શો વળી ?
જેમાં મૌલિકતા નથી જીવન તે
મિથ્યા જીવ્યું જાણવું,
જેમાં છે બલિદાન યજ્ઞ તપ છે,
એ જીવ્યું, જીવ્યું ભલું.

'વિધિ-વિધાન'માંથી સાભાર ❑



પતંજલિએ પ્રબોધેલા ચિત્તનિરોધના પ્રાણાયામ સાથેના અષ્ટાંગ યોગનો માર્ગ સામાન્ય જનતા માટે નથી. સંસારમાં રહેલા ગૃહસ્થાશ્રમીઓ આ માર્ગે ન જાય એ ઈષ્ટ છે. એના નિયમોમાં ભૂલચૂક થાય તો મગજના રોગ વગેરે થવા સંભવ છે. ચિત્તનિરોધનો સહેલામાં સહેલો અને શ્રેષ્ઠ ઉપાય નામસ્મરણનો છે.

તમે જે ભગવાનને શોધો છો, તે તમારા અંતરમાં જ છે.

- સ્વામી રામદાસ

'ઈશ્વરના સાંનિધ્યમાં', બી. આ., પૃ. ૨૩

**HARIBHAV, NOVEMBER - 2017**
"RNI No. of RNP is 65683/96
Registered under Postal Registration No. GAMC/1208/2015-2017
Valid upto 31st December -2017 issued by the SSPO's AHMEDABAD City Division,
Permitted to post at Ahmedabad PSO on 10th of every month"
Licence to post without Prepayment of postage No. CPMG/GJ/91/2017
valid upto 31-12-2017



કેવળ પ્રાણાયામ વડે પૃથ્વી, જળ, તેજ અને વાયુ આ ચાર તત્ત્વની શુદ્ધિ થઈ શકે છે, પરંતુ આકાશતત્ત્વની શુદ્ધિ કેવળ પ્રાણાયામથી થતી નથી.

મંત્ર આકાશતત્ત્વમય હોવાથી મંત્રજાપ વડે આકાશતત્ત્વની શુદ્ધિ થઈ શકે છે.

- સ્વામી સદાશિવ

*'જીવનવિજ્ઞાન', ત્રી. આ., પૃ. ૧૦૫*

Printed and Published by PRABHUDAS D. JANI on behalf of HARIWANI TRUST and Printed at Sahitya Mudranalaya Pvt. Ltd., 55/15, City Mill Compound, Kankaria Road, Ahmedabad - 380 022 and published from Hariwani Trust,
B/5, Swastik Apartment, Narayannagar, Paldi, Ahmedabad - 380 007
Editor - PRABHUDAS D. JANI      E-mail : hariwanitrust@gmail.com